MANOGAT • Year-36 • Issue-20 • 25 January 2018 • Maha Sud 8, Samvat 2074 • Yugabd 5119 • Price : Rs. 5/- • Pages : 28






# મનોગત



## કોંગ્રેસમુક્ત ભારત એટલે જાતિવાદ પરિવારવાદ ભ્રષ્ટાચાર એવી બૂરાઈઓથી મુક્તિ

## દેશના રાજનીતિક પક્ષોને અને આગામી પેઢીઓને આનાથી બચાવવી પડશે

## સોમનાથ મહાદેવનાં દર્શન-પૂજા કરી ધ્વજારોહણ કરતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી







મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સોમવારે સવારે દ્વાદશ જ્યોતિર્લિંગના પ્રથમ એવા સોમનાથ મંદિરમાં શ્રીમતી અંજલિબહેન રૂપાણી સાથે પૂજન અર્ચન અને જળાભિષેક કર્યો હતો. વિજયભાઈ મુખ્યમંત્રી તરીકે સતત બીજી વાર રાજ્ય શાસનનું નેતૃત્વ સંભાળ્યા બાદ પ્રથમ વાર ભગવાન સોમનાથનાં દર્શને મકરસંક્રાંતિ બાદ પહોંચ્યા હતા અને ભક્તિભાવથી દર્શન અર્ચન કર્યાં હતાં.

આ પૂર્વે સોમનાથ ખાતે મુખ્યમંત્રીશ્રીએ સરદાર વંદના કરી હતી. સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પહાર કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં. મંદિર પરિસરમાં મુખ્યમંત્રીશ્રીએ ભગવાન કપર્દી વિનાયકનાં પણ દર્શન કર્યાં હતાં. ગીર સોમનાથ જિલ્લા સંગઠન દ્વારા મંદિર પરિસરમાં મુખ્યમંત્રીશ્રીની સાકરતુલા કરવામાં હતી.

મખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી બીજી વખત રાજ્યની શાસનધુરા સંભાળે તેવી મનોકામના સિદ્ધ થતાં રાજકોટના માલધારી સમાજનાં ૧૫૦ ભાઈ-બહેન, વડીલો રાજકોટથી સોમનાથ સુધી પદયાત્રા કરીને આવ્યાં હતાં.

Year - 36 • Issue - 20 • Pages-28


- ખુદ કોંગ્રેસ પાર્ટીએ પણ પોતાને કોંગ્રેસમુક્ત કરવી પડશે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ૪
- દાવોસમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ૯
- કિસાનોની આવક બમણી કરવાના રાષ્ટ્રના સંકલ્પની સિદ્ધિમાં ઇઝરાયલની કૃષિ ટેક્નોલોજી સહાયરૂપ બનશે ૧૦
- ગુજરાત યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં રાષ્ટ્રપતિશ્રીની પ્રેરક ઉપસ્થિતિ ૧૪
- ૯૦૦થી વધુ કેસોમાં ૩૫૦૦ કરોડ રૂપિયાથી વધુની બેનામી સંપત્તિ જપ્ત ૧૫
- શ્રીમતી આનંદીબહેન પટેલની મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકેની વરણી બદલ અભિનંદન સમારોહ યોજાયો ૧૬
- કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓ ૧૮
- ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા રાજ્ય સરકારનો મહત્ત્વનો નિર્ણય ૨૦
- ગુજરાતની નવી સરકારને કેન્દ્ર સરકારની નવા વર્ષની ભેટ ૨૧
- રાજ્યમાં તમાકુ વપરાશમાં નોંધપાત્ર ઘટાડો ૨૨
- 'સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ' ૨૩
- હજ સબસિડી બંધ કરી ભાજપા સરકારે બંધારણના પાયારૂપ સમાનતાના સિદ્ધાંતનો અમલ કર્યો ૨૪



પત્રવ્યવહાર કાર્યાલય

**મનોગત પાક્ષિક**

**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**

દીનદયાળ ભવન, જે.પી. ચોક,

ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**

E-mail : manogat.1980@gmail.com



**તંત્રી મુદ્રક પ્રકાશક :**
**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.




## તંત્રીસ્થાનેથી

## સુપ્રીમ કોર્ટની ઘટના સંદર્ભે

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

તાજેતરમાં દિલ્હી ખાતે એક આશ્ચર્યજનક ઘટના ઘટી. સુપ્રીમ કોર્ટના અગ્રગણ્ય જજોએ એક પ્રેસ કોન્ફરન્સ બોલાવી અને ચીફ જસ્ટીસ વિરુદ્ધની વાતો મીડિયાના માધ્યમથી પ્રજા સમક્ષ મૂકી.

આ બાબતે મારે મુદ્દાસર ચર્ચા કરવી છે.

(૧) પ્રજાને દાયકાઓથી ન્યાય માટે નિયમાનુસાર કાર્યવાહી કરવાનો આદેશ આપનારાઓએ પોતે પોતાની રજૂઆત નિયમાનુસાર ભારત દેશના સર્વસત્તાધીશ મહામહિમ રાષ્ટ્રપતિજી સમક્ષ કેમ ના કરી ?

(૨) મીડિયા સમક્ષ આ પ્રકારની રજૂઆત કરી પ્રજા પાસે જ સીધા જવાનો ન્યાયાધીશોનો આ નિર્ણય પોતે જ સંવિધાનના દાયરાથી વિપરીત - રાજકારણથી પ્રેરિત હોય તેવું પુરવાર નથી કરતો ?

(૩) દેશની પ્રજા ન્યાય માટે વર્ષોથી રાહ જોતી રહેતી હોય ત્યારે તે ન્યાય આપનારા ખુદ પોતાના કહેવાતા અન્યાય માટે અન્યાયિક પદ્ધતિ અખત્યાર કરે ત્યારે તેની સજા કોણ નક્કી કરશે ?

ન્યાયતંત્ર પોતે હંમેશા પરોક્ષ રીતે અરજદારો પાસે એ અમલ કરાવતું રહ્યું છે કે (૧) કાયદાનુસાર રજૂઆત કરો. (૨) કાયદાનુસાર પ્રતિક્રિયા આપો. (૩) ન્યાય માટે ધીરજ ના ગુમાવો. આ ત્રણેય બાબત સુપ્રીમ કોર્ટના ચારેય જજોએ પોતે સુપ્રીમ કોર્ટના પ્રથમ પંક્તિના જજો હોવા છતાં પાલન ન કરી તે બાબત દુઃખદ છે.

મિત્રો, લોકશાહીના ચારેય સ્થંભો પાસે પ્રજા હંમેશા 'આદર્શ'ની અપેક્ષા રાખતી હોય છે. ન્યાયતંત્રની આમન્યા અને ગરીમા વધે તે માટે ન્યાયતંત્રની કામગીરીમાં અમૂલ પરિવર્તનો અપેક્ષિત છે. મોડો ન્યાય એ પણ એક પ્રકારે અન્યાય જ છે. આવા વાતાવરણમાં સુપ્રીમ કોર્ટની આ પ્રકારની ઘટના સામાન્ય જનને પણ આઘાત આપનારી છે. આ સંદર્ભે ચિંતન અને મનન અતિ આવશ્યક છે.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ



# અમે ૧૪૦૦થી વધુ કાયદા ૩ વર્ષમાં નાબૂદ કર્યા

## ખુદ કોંગ્રેસ પાર્ટીએ પણ પોતાને કોંગ્રેસમુક્ત કરવી પડશે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી



પ્રશ્ન : આપ આપના ૩.૫ વર્ષના કાર્યકાળને કઈ રીતે મૂલવો છો, કેટલું કામ કર્યું છે, કેટલું થયું છે અને કેટલું બાકી છે ?

**શ્રી નરેન્દ્રભાઈ :** કામનું મૂલ્યાંકન મારા બદલે દેશની જનતા કરે તો વધુ સારું. દેશમાં જે અવારનવાર ચૂંટણીઓ આવતી હોય ચે તે એક પ્રકારની કસોટી માનવામાં આવે છે. જો તેને કસોટી માનવામાં આવે તો અમે તેમાં ડિસ્ટિંક્શન માર્કથી પણ વધુ સારી સ્થિતિમાં ઉત્તીર્ણ થયા છીએ. દુનિયા ભારતને એક બ્રાઈટ સ્પૉટ કહી રહી છે. યુપીએ સરકારનાં દસ વર્ષ અને અમારી સરકારના સાડા ત્રણ વર્ષનો જે સમય થયો છે તેનું તુલનાત્મક વિશ્લેષણ દેશજનતા સમક્ષ આવવું જોઈએ. પહેલાં કૌભાંડોના સમાચાર આવતા હતા. દરેક વખતે જાણ થતી કે કેટલું ગયું. ૩.૫ વર્ષથી એવી ખબર મળે છે કે આટલું આવ્યું, આટલું આવ્યું. અમે સાચી દિશામાં અગ્રેસર છીએ. અમારી ગતિ ઉત્તરોત્તર વધતી રહી છે. દેશના સામાન્ય માણસની આશાઓને અમે પૂરી કરીએ છીએ.

વિકાસદરના મુદ્દે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું, રાજનીતિમાં વાતનું વતેસર કરવામાં આવે છે. સાડા ત્રણ વર્ષથી સરકાર અમે એ રીતે ચલાવીએ છીએ, જેની પર કોઈ ગંભીર આક્ષેપ નથી થયો. કોઈ પણ એવી ઘટના નથી બની, જેનાથી સરકાર સંકટમાં મુકાય. આરોપ લગાવનારા માટે એ ચિંતાનો વિષય છે કે સરકાર વિરુદ્ધ શું આરોપ મૂકવો ? ૨૦૧૩-૧૪માં ભારતનું નામ ફ્રેજાઈલ ૫માં હતું. તે એક ડૂબતી નાવ જેવું હતું. ૩ વર્ષ દરમ્યાન ફ્રેજાઈલ૫થી બહાર નીકળીને ચમકતા સિતારાની જેમ ભારતની અર્થનીતિને જોવામાં આવે છે. આ બહુ મોટી વાત છે. અમારી પહેલાંની સરકારમાં મોંઘવારીનો દર ૧૦ ટકાથી અધિક હતો. અમારાં ૩ વર્ષની સરેરાશ જોઈએ તો મોંઘવારી અમે ૩ ટકા પર લાવ્યા છીએ. અત્યારે તે ૫ ટકા છે. એફડીઆઈ ૩૦ અરબ ડૉલરથી ૬૨ અરબ ડૉલર થઈ છે, જે એક મોટી છલાંગ છે. પહેલાં ૪.૫ ટકાથી પણ વધુ ફિસ્કલ ડેફિસિટ ચાલતી હતી. અમે તેને ૩.૫ ટકા સુધી લાવ્યા છીએ. કરંટ એકાઉન્ટ ડેફિસિટ જીડીપીની સરખામણીમાં ૪ ટકા હતી. આજે અમે તેને ૧ ટકાથી ૨ ટકા સુધી લાવી શક્યા છીએ. આવનારા દિવસોમાં ભારતનો વિકાસદર વધશે.

પ્રશ્ન : દાવોસમાં ભારતની કઈ ગ્રોથ સ્ટોરીનો મુદ્દો લઈને જશો ?

**શ્રી નરેન્દ્રભાઈ :** ભારતે પોતાની આર્થિક તાકાત દુનિયા સમક્ષ મજબૂતીપૂર્વક રજૂ કરી છે. દુનિયા ભારતને સ્પષ્ટતઃ જાણવા માગે છે. ૩.૫ વર્ષમાં ભારતનું ટર્નઑવર ૧૨૫ કરોડ દેશવાસીઓના પુરુષાર્થનું પરિણામ છે. મારું કામ મારા ૧૨૫ કરોડ દેશવાસીઓના પરાક્રમની ગાથાને દુનિયા સમક્ષ પેશ કરવાનું છે. હું દાઓસનો ભરપૂર ફાયદો મેળવીશ, જેથી દુનિયા ભારતને સાચા રૂપમાં જુએ. ભારતના અવસરોનો તે પણ લાભ મેળવે.

પ્રશ્ન : ૧૯૯૧થી આજ સુધીમાં બીજા કોઈ પ્રધાનમંત્રીને દાઓસમાં આમંત્રણ નથી મળ્યું. હવે એવું કેમ થયું ?

**શ્રી નરેન્દ્રભાઈ :** ભારત વિશ્વમાં આકર્ષણનું કેન્દ્ર ૧૨૫ કરોડની દેશજનતાને લીધે બન્યું છે. વિશ્વમાં પણ બદલાવ આવ્યો છે. ૧૨૫ કરોડના દેશમાં વધતો જતો મધ્યમવર્ગ હોય, ૮૦ કરોડ લોકો ૩૫ની વયથી ઓછી વયના હોય, સાથે જ અહીં લોકશાહી હોય,ત્યારે વિશ્વની આ બાબતો પ્રત્યે ધ્યાન આકર્ષિત થવું સ્વાભાવિક છે. અમારી એ જવાબદારી છે કે આ અવસરને એળે જવા ન દઈએ.

પ્રશ્ન : ૨૦૧૭માં આઈએમએફ દ્વારા ભારતની પ્રશંસા કરવામાં આવી. આપણા સ્થાનિક દેશવાસીઓ જીએસટી અને નોટબંધીથી સંતુષ્ટ કેમ નથી ?

**શ્રી નરેન્દ્રભાઈ :** આઈએમએફ, વર્લ્ડ બેંક, મૂડીઝ, ક્રેડિટ જેવી બાબતો અંગે ભારતની પ્રશંસા કરે તે સારી વાત છે. મારા માટે મારા દેશવાસીઓનું સર્ટિફિકેટ એ સૌથી મોટું સર્ટિફિકેટ છે.

મારાં પગલાંની દેશવાસીઓએ હંમેશાં સરાહના કરી છે. એ જ મારી સૌથી મોટી મૂડી છે. સૂવાનો ઢોંગ કરનારાને જગાડવો એ કપરું કામ છે. નોટબંધી એટલે એક નોટ ગઈને બીજી આવી ત્યાં સુધી સીમિત નથી. જો ભારતીય હોવાના લીધે આપણે દુનિયાને એ બતાવીએ કે આટલો મોટો દેશ હોવા છતાં પણ રાતોરાત ૮૬ ટકા કરન્સી બદલવાનો નિર્ણય લેવાય છે અને તેનો અમલ પણ થાય છે. લોકોએ આગ લગાડવાના અને તોફાન થાય તેવા પ્રયાસ કર્યા હતા. સુપ્રીમ કોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા, શું નહોતું કર્યું ? આ બધું કરવા પાછળ બેઈમાનોને બચાવવાની તેમની સાજિશ હતી. પરંતુ દેશ અમારી પડખે ઊભો રહ્યો. દુનિયાના નાના દેશોએ પણ આવા પ્રયોગ કરવાની કોશિશ કરી છે, પણ તેમને પારોઠનાં પગલાં ભરવા પડ્યાં છે. આ વિશ્વ સમક્ષ ભારતનું આદર-સન્માન વધારનારું કદમ છે. રાજનૈતિક વિરોધ થયા પછી પણ લાભ લેવો જોઈતો હતો, પણ લોકો લઈ શક્યા નથી.

પ્રશ્ન : વર્લ્ડ બેંક અનુસાર પોતાના પહેલાંના સ્થાનથી ૩૦ ગણું આગળ વધીને ભારત 'ઇઝ ઑફ બિઝનેસ ડૂઇંગ'માં ૧૦૦ ટકા ડેસ્ટિનેશનમાં સામેલ થઈ ગયું છે, પરંતુ લોકો 'ઇઝ ઑફ લીવિંગ' માટે પણ સવાલો કરે છે. આ ક્યારે સંભવિત બનશે ?

શ્રી નરેન્દ્રભાઈ : ઇઝ ઑફ ડૂઇંગ બિઝનેસમાં અમારી સરકારના આવ્યા બાદ ૩૦ નહીં ૪૨ સ્થાનનો વધારો થયો છે. આ એક ઘણું મોટું કામ છે. ગ્લોબલ સ્ટેન્ડથી સાથે સાથે પૉલિસી પણ બનાવવી પડે છે. આ બધું હવાઈ તુક્કાથી નથી બનતું. અમે ૧૪૦૦થી વધુ કાયદા ૩ વર્ષમાં નાબૂદ કર્યા છે. આ કાનૂનની ચુંગાલમાંથી સામાન્ય માણસને મુક્ત કરવો એ બહુ મોટું કામ છે. ભારત જેવા દેશમાં ઇઝ ઑફ લીવિંગ એ પાયાની જરૂરિયાત હોવી જોઈએ. મારું સંપૂર્ણ ધ્યાન એ વાત પર છે કે સામાન્ય વ્યક્તિને સીસ્ટમમાં હેરાન થવું પડે છે તે બંધ થવું જોઈએ. આ દેશની ગરીબ વ્યક્તિ સરકારને ઝૂંપડીમાંથી બંગલો બનાવી આપવાનું નથી કહેતી. ઇઝ ઓફ લીવિંગ માટે પ્રયત્નો કરવા જોઈએ. લાકડાંથી ઈંધણની જરૂરિયાત પૂરી કરી રસોઈ કરનારી મહિલાઓ માટે મેં આ કામ કર્યું છે. ૩ કરોડ ૩૦ લાખ મહિલાઓને ગેસ કનેક્શન ફાળવ્યાં. ૫ કરોડનો ટાર્ગેટ સમય પહેલાં પૂરો કરી દઈશ.

પ્રશ્ન : કેટલાય લોકો આલોચના કરી રહ્યા છે. જીએસટીને ગબ્બરસિંહ ટૅક્સ કહે છે. નવી નોકરીઓ નથી મળતી. કિસાન પિસાઈ રહ્યો છે.

શ્રી નરેન્દ્રભાઈ : જીએસટી એક દેશ એક ટૅક્સ એવી અમારી કોશિશ આ દિશામાં જવાની છે. જીએસટીને કુદરતી સ્વરૂપમાં બધા સ્વીકારે છે. જીએસટી સફળ છે તો પણ બધા માટે છે, વિફળ છે તો પણ બધા માટે છે. જીએસટી કોઈ એક સરકાર માટે નથી. સંસદે ૭ વર્ષની ચર્ચા-વિચારણા પછી એને પસાર કર્યો છે. એક મંથનમાંથી પસાર થયેલો જીએસટી કાયદો છે. જે લોકોએ આને મંજૂર કર્યો છે તે લોકો જ જીએસટી વિરુદ્ધ અપમાનજનક શબ્દપ્રયોગો કરતા હોય તો તેનો મતલબ છે કે તેઓ સંસદનું અપમાન કરે છે. સંસદની સમગ્ર શક્તિનું અપમાન કરે છે. લોકતંત્રના મંદિરનું અપમાન કરે છે. આ બધું શોભાસ્પદ નથી. બધા પક્ષોએ મળીને, પૂરી સંસદે મળીને જીએસટી કાઉન્સિલ બનાવી છે. જીએસટી કાઉન્સિલમાં જેટલું મહત્ત્વ પોંડિચેરીનું છે એટલું જ મહત્ત્વ ભારત સરકારનું છે. જીએસટી કાઉન્સિલમાં ૩૩ ઘટક બરાબર છે. જીએસટીમાં બધા નિર્ણયો સર્વસંમતિથી લેવાયા છે. એક વાર પણ વોટિંગ થયું નથી. આ નિર્ણયમાં આપ પાર્ટીના સદસ્યો પણ છે. સંસદમાં પ્રેમપૂર્વક હસતાં બોલતાં નિર્ણયો લેવાય છે, અને બહાર આવીને ગુસ્સો વ્યક્ત કરો છો. આક્રોશ જતાવો છો. જીએસટીમાં ૩૩ ઘટકોએ મળીને નિર્ણય કર્યો છે.

પ્રશ્ન : રોજગાર મુદ્દે.

શ્રી નરેન્દ્રભાઈ : રોજગાર મુદ્દે જૂઠ ફેલાવવામાં આવી રહ્યું છે. રોજગાર ક્ષેત્રે ૧૦ ટકા ફોર્મલ છે, અનફોર્મલ ૯૦ ટકા છે. સ્વતંત્ર એજન્સીઓના આંકડા ઈપીએફમાં ૧૮થી ૨૫ વર્ષમાં ૭૦ લાખ નવા નોંધાયા છે. કોઈ સીએ બન્યું હશે, કોઈ વકીલ બન્યા હશે, કોઈ ડૉક્ટર બન્યા હશે, તેમના આંકડા ક્યાંય નથી. પહેલાં જેટલા રસ્તા બનતા હતા, આજે તેનાથી બમણા બને છે, એ શું વગર રોજગારીએ બન્યા હશે ? કોઈકે કામ કર્યું હશે. અમારી બધી નીતિઓમાં રોજગાર વધારવાનો મુદ્દો સામેલ હોય છે. અમે ટેક્સટાઈલ અને ચર્મઉદ્યોગમાં રોજગારી આપવાની પૉલિસી બનાવી છે. મુદ્રા યોજના અંતર્ગત ૧૦ પ્રકારના કર્જને સ્વીકાર્યું છે. ૪ લાખ કરોડ રૂપિયા તેમને મુદ્રા યોજનાથી મળ્યા છે. આ ૧૦ કરોડના કર્જની સ્વીકૃતિમાં ૩ કરોડ લોકોને પહેલીવાર લોન મળી છે. આનાથી પણ રોજગાર મળ્યો છે. નિરાશામાં ડૂબેલાઓએ નિરાશામાંથી બહાર આવવાનો પ્રયાસ કરવો જોઈએ.

પ્રશ્ન : આપ વિદેશોમાં જઈને ભારતની ઈમેજ વધારવાની કોશિશ કરો છો, પણ અહીંના કેટલાક નેતાઓ છે જે વિદેશોમાં જઈને ત્યાં જે ભારતીયો રહે છે તેમને કહે છે કે ભારતમાં બધું જ ખરાબ ચાલી રહ્યું છે. તમારી મદદની જરૂર છે. એ લોકો માટે આપ શું કહેશો ?

શ્રી નરેન્દ્રભાઈ : જે લોકો વિદેશમાં રહે છે અને જેઓ વિદેશમાં આવતા-જતા રહે છે, તેઓ જાણે છે કે આજે ભારતના પાસપોર્ટની જે શક્તિ છે તે પહેલાં ક્યારેય આટલી નહોતી. ઍરપોર્ટમાં આવે છે ત્યારે જ્યારે કોઈ ઈમિગ્રેશન અધિકારી

**સમક્ષ કોઈ ભારતનો પાસપોર્ટ મૂકે છે તો બહુ ઈજ્જતભેર તે અધિકારી જુએ છે. સચ્ચાઈ આ જ છે.**

પ્રશ્ન : પણ આ લોકોનું કહેવું છે કે બોલવા પર પાબંદી લગાવવી ના જોઈએ. ટિપ્પણી કરવા માટે અમે સ્વતંત્ર છીએ. અમારી નિરાશા વ્યક્ત કરવા માટે અમે સ્વતંત્ર છીએ. આવું અગાઉ પણ લોકોએ કર્યું છે તો અમને જ નિરાશ કેમ બનાવાય છે, જ્યારે અમે ભારતની છબીને પ્રસ્તુત કરીએ છીએ ? આ બાબત અંગે આપનું શું કહેવું છે ?

**શ્રી નરેન્દ્રભાઈ : હું સમજ્યો નહીં.**

પ્રશ્ન : ઘણા લોકોનું કહેવું છે કે અમે વિદેશ જઈએ છીએ અને અમને બોલવાનો મોકો મળે છે ત્યારે અમે બોલીએ છીએ. દેશ માટે અમારી ભાવના ખરાબ નથી, પણ દેશ માટેની હકીકત અમે ઉજાગર કરીએ છીએ.

**શ્રી નરેન્દ્રભાઈ : હું તેમની આલોચના કરીને તેમને મહત્ત્વ શા માટે આપું ભાઈ ? દેશને જ એ નક્કી કરવા દો કે દેશની બહાર જઈને જે કંઈ પણ બોલવામાં આવે છે તેનાથી જ બોલનારની ઓળખ છતી થાય છે અને દેશની આબરૂ વધતી હોય છે. દેશની ઓળખ શું છે તે દુનિયા જાણતી હોય છે. દુનિયાના લોકો, જેઓ આ દેશમાં જન્મ્યા નથી, અહીંનું અન્ન આરોગ્યું નથી તેઓ આને બ્રાઈટ સ્પોટ કહે છે. આજ સુધી તેઓએ આપણું નમક નથી ખાધું છતાં આવું વિધાન કરે છે.**

પ્રશ્ન : પ્રધાનમંત્રીજી, આપે ૨૦૧૪માં એક નારો આપ્યો હતો તેમાં આપે કહ્યું હતું કે આપ આ દેશને 'કોંગ્રેસમુક્ત' બનાવશો. આપે કહ્યું હતું હવે ૨૦૧૮માં ઘણી ચૂંટણીઓ આવી રહી છે, કોંગ્રેસ ૪ રાજ્યો પૂરતી સીમિત રહી ગઈ છે. એક રાજ્યમાં ચૂંટણી છે - આ વર્ષે કર્ણાટકમાં અને બાકી રહી ગયું પોંડિચેરી, જે એક યુનિયન ટેરિટરી છે, તો શું આ કોંગ્રેસમુક્ત ભારતનું આપનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે ?

**શ્રી નરેન્દ્રભાઈ : નાવિકાજી, સૌ પ્રથમ હું આપનો આભાર માનું છું. હું થોડો વધુ સમય લઈશ, કેમ કે મારું મન કહેતું હતું કે આ બાબત પર સવિસ્તર વાત કરું પણ હું તેમ કરી શક્યો ન હતો. એક નારો મેં આપ્યો પણ મારી જે ભાવના હતી, હું તેને પહોંચી ના શક્યો. રાજનીતિમાં એટલું જલદી બોલી નખાય છે જાણે ચાલતી છુક છુક ગાડી. આપણા દેશમાં રાજનીતિની મુખ્ય ધારા કોંગ્રેસ રહી છે, એટલા માટે બધા રાજનીતિક પક્ષોમાં જે કલ્ચર આવ્યું બાય વન એન્લાર્જ, તો આપને મોટા ભાગના કુર્તા પહેરેલા દેખાશે, કેમ કે પહેલાં કોંગ્રેસના વખતમાં મોટા ભાગના કુર્તા પહેરનારા હતા. હું જ્યારે કોંગ્રેસમુક્ત કહું છું તો તે કોંગ્રેસ સંગઠન અથવા એક પોલિટિકલ પાર્ટી સંબંધિત એવા સીમિત અર્થનો મારા મનમાં વિચાર સુધ્ધાં નહોતો આવ્યો જ્યારે હું આ શબ્દો બોલ્યો હતો. કોંગ્રેસ એક કલ્ચરના રૂપમાં દેશમાં ફેલાયેલું છે.**

**આઝાદીના આંદોલન વખતની કોંગ્રેસનું એક કલ્ચર હતું, જેણે દેશના જવાનોને મરી ફીટવાની પ્રેરણા આપી હતી. આઝાદી પછી કોંગ્રેસનું કલ્ચર જે બદલાયું તે બહુ જ થોડા રાજકીય પક્ષોને માફક આવ્યું છે. એ ઠીક લાગે છે કે જો આ રસ્તે હા માં હા કરીશું તો આપણી ગાડી ચાલતી રહેશે. જાતિવાદ, પરિવારવાદ અને ભ્રષ્ટાચાર એ જ શિષ્ટાચાર. દગો કરવો. સત્તાનો અજગરભરડો ભીડેલો જ રાખવો છે. આ જ બાબત ભારતના રાજકારણનો હિસ્સો બની ગઈ હતી, જેની મુખ્ય ધારા કોંગ્રેસ રહી. કોંગ્રેસના લોકો પણ કહે છે કે કોંગ્રેસ એક વિચાર છે. આવું કોંગ્રેસના લોકો જ કહે છે. હું આ બાબતનો વિચાર કરતો. એટલા માટે જ્યારે હું કોંગ્રેસમુક્ત કહું છું તો ચૂંટણીની હારજીતથી સંબંધિત વાત નથી. હું તો કહું છું કે ખુદ કોંગ્રેસ પાર્ટીએ પણ પોતાને કોંગ્રેસમુક્ત કરવી પડશે. કોંગ્રેસ એક વિચાર છે એ વળી શું છે ? આ જે કલ્ચર છે દેશના લોકતંત્રમાં, કોંગ્રેસની ભલાઈ પણ તેમાં જ છે કે કોંગ્રેસ પણ કોંગ્રેસમુક્ત બને. એ કલ્ચરથી તે મુક્ત બને. સ્વસ્થ લોકતંત્ર માટે પણ આ જરૂરી છે. આમ, આ અર્થમાં હું કોંગ્રેસમુક્ત ભારતની વાત કરું છું. સારું થયું તમે પૂછ્યું. મારા આ ભાવને જાણે હું સવિસ્તર વ્યક્ત કરી શક્યો છું. હું એ બૂરાઈઓથી મુક્તિના પક્ષમાં છું જે મૂળતઃ શરૂ ત્યાંથી જ થઈ છે. આજે તે વધતી-ઓછી માત્રામાં બધી જ જગાએ પ્રસરી ચૂકી છે. હું તેની ના નથી પાડતો, પરંતુ આનાથી બચવું પડશે. દેશના રાજનીતિક પક્ષોને બચાવવા પડશે. આગામી પેઢીઓને બચાવવી પડશે, અને માટે આ શબ્દ એક પ્રતીકરૂપ છે. કોંગ્રેસ પક્ષ સુધી મારી વાત સીમિત નથી. હું તો કોંગ્રેસને પણ કોંગ્રેસમુક્ત થવાની વાત કરી રહ્યો છું.**

પ્રશ્ન : પ્રધાનમંત્રીજી, આપને એક અંગત સવાલ પૂછું છું કે આપને કેટલી નિરાશા થાય છે કે જ્યારે આપ સ્ત્રી સશક્તીકરણની વાત કરો છો. આપ ટ્રિપલ તલાક વિરુદ્ધનું બિલ લઈ આવ્યા. લોકસભામાં તો પાસ થઈ ગયું, કેમ કે ત્યાં આપની બહુમતી છે, પરંતુ રાજ્યસભામાં એકમતી સાધી ના શકાઈ.

**શ્રી નરેન્દ્રભાઈ : હું કહેવા માગું છું કે પક્ષ કરતાં દેશ મહાન છે. અમારી રાજીનીતિક આશા-અપેક્ષા હોય તે સ્વાભાવિક છે. હું એમ માનતો હતો કે રાજીવ ગાંધીના સમયે કોંગ્રેસ જે ભૂલ કરી બેઠી તેનાથી તે કંઈક પાઠ શીખી હશે. અત્યારે સમય એટલો બધો બદલાઈ ચૂક્યો છે કે દુનિયાના ઈસ્લામિક દેશોમાં પણ કાયદા બદલાઈ ગયા છે. આજે હું જોઉં છું કે દેશના ટીવીએ બહુ મોટી સેવા કરી છે કે ત્રણ તલાકનો ભોગ બનેલી જે મહિલાઓ હતી તેમની કથની મીડિયાએ પ્રસ્તુત કરી. ભલભલાની આંખોમાં આંસુ**

આવી જતાં હતાં કે શું બદતર સ્થિતિ છે. આ તો મહિલાઓને બચાવવાની વાત હતી, આમાં કોઈ રાજનીતિ ન હતી, અને ન તો કોઈને ફાંસી લટકાવી દેવાની વાત હતી. તો એવી કંઈ વ્યવસ્થા કરો ભાઈ કે મહિલાઓ સન્માનથી જીવી શકે. કોંગ્રેસ આ સામાજિક સદ્‌કાર્યને સમજી ના શકી તે ઊંડા ખેદની વાત છે. શું રાજનીતિ એ હદે પહોંચી ગઈ છે કે ટીવી પર એક કથની જોતાં જ મન દ્રવિત થઈ જાય કે તે બાળકોને કેવી રીતે પાળવામાં આવશે, શું કરીશું, તેમને માત્ર એક હક આપવાનો હતો. મુસ્લિમ મહિલાઓને હક આપવાનો હતો અને દુનિયાના ઈસ્લામિક દેશોએ પણ આ જ કર્યું છે. હવે જ્યારે તેઓ સમજી નથી શકતા તો મનમાં પીડા થાય છે કે આપણી રાજનીતિ આટલી નીચે ઊતરી ગઈ છે ? શું સત્તાની આટલી મોટી ભૂખ છે કે નિર્દોષ માતાઓ-બહેનોની જિંદગી તબાહ થતી જોઈ રહેવું અને રાજનીતિ કરતા રહેવું ? આ પીડા થવી સ્વાભાવિક છે. મને ખૂબ પીડા થઈ. કોંગ્રેસ ભલે જીએસટી માટે ગાળો બોલે, પરંતુ ગરીબ મુસ્લિમ મહિલાઓની રક્ષાના કામમાં આ પ્રકારની હરકતો તેણે ના કરવી જોઈએ. તેમના મનમાં પણ પીડા થતી હશે તેમ હું માનું છું, પરંતુ સત્તાભૂખ અને રાજનીતિ તેમને આ બધું કરવા મજબૂર કરે છે.

પ્રશ્ન : મોદીજી, દેશમાં એક બીજી ચર્ચા ચાલે છે. અને એ ચર્ચા છે કે રાષ્ટ્રગીત જે છે તે ક્યાં ગાવું જોઈએ. ગાવું જોઈએ તો તેમાં ઊભા રહેવું જોઈએ કે નહીં ? કેટલો સમય ઊભા રહેવું જોઈએ ? સિનેમાગૃહમાં હોવું જોઈએ ? આ બાબતો હવે આપણાં ન્યાયાલયોમાં પ્રવેશવા માંડી છે. આ અંગે આપનું શું કહેવું છે ?

**શ્રી નરેન્દ્રભાઈ : ન્યાયાલયમાં કોઈ આ મુદ્દે જશે તો ન્યાયપાલિકા ક્યાં મનાઈ કરે છે ? ન્યાયપાલિકા કેવી રીતે ના પાડી શકે ? ક્યાંય પણ જવાનો દરેક નાગરિકનો હક છે.**

પ્રશ્ન : પણ આને રાજનીતિક રંગ આપવામાં આવી રહ્યો છે. આપને લાગે છે કે અત્યારના સમયમાં કોઈ ઊભું રહીને રાષ્ટ્રગીત ગાય તો તેને સવાલો પૂછવામાં આવે છે ?

**શ્રી નરેન્દ્રભાઈ : જે સવાલો પૂછે છે તેમને પૂછવું જોઈએ.**

પ્રશ્ન : પ્રધાનમંત્રીજી, એક બીજી બાબત છે કે આપે ઘણી વાર આની ચર્ચા કરી છે. દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે થવી જોઈએ. હવે દા.ત. ૨૦૧૮ની સાલ વિશે જ જોઈએ. ઓછામાં ઓછાં ૬-૭ રાજ્યોમાં આ વર્ષે ચૂંટણી છે. આ મુદ્દે આપનો વિચાર અમલી કેમ નથી બનાવતા ?

**શ્રી નરેન્દ્રભાઈ : આપની ચિંતા યોગ્ય છે, અને હું એ પણ માનું છું કે હું સરકારમાં છું તો અમારું પણ દાયિત્વ છે. પરંતુ આ બાબત કહેનારો હું પહેલો માણસ નથી. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિએ પણ આમ કહેલું છે. ભારતના સંવિધાનના જે જાણકાર લોકો છે તેઓ પણ કહી ચૂક્યા છે. કેટલીક વ્યાવહારિક એવી વાતો પણ છે જે કહેતા પહેલાં વિચારવું જોઈએ. ભારત જેવો દેશ જેની લોકશાહી ખૂબ અનુકૂળ રહી છે. હિન્દુસ્તાનનો નાગરિક નિશાળમાં ગયો હોય કે ના ગયો હોય, પરંતુ તેને દૂધ અને પાણીના સારાસારના વિવેકની બખૂબી સમજ હોય છે. '૬૭ની સાલ પહેલાં દેશમાં લોકસભા-વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે થતી હતી, અને દેશની જનતા વિધાનસભામાં એક નિર્ણય કરતી હતી, જ્યારે લોકસભામાં અલગ નિર્ણય કરતી હતી. એક સાથે બે વોટ આપતી હતી,પરંતુ તે અલગ અલગ આપતી હતી. તેમને સમજ હતી. ભારતના મતદારોની સમજ વિશે શંકા કરવાની જરૂર નથી. બીજું બજેટ ફલાણી તારીખે થશે જ થશે એવું તો થતું જ હોય છે. એવું નથી કોઈની મરજી મુજબ થતું હોય છે. ભાઈ, નિયમ બની ગયો તેમ ચાલે છે. તેવી રીતે આના માટે પણ દેશમાં નિયમ બનાવવો પડે તો દેશ ચાલશે, અને ચાલવો જ જોઈએ. હવે આપ જુઓ ૨૦૦૯માં લોકસભાની ચૂંટણી થઈ ત્યારે ચૂંટણીખર્ચ લગભગ ૧૦૦૦-૧૧ કરોડ થયો. ૨૦૧૪ની ચૂંટણીમાં ૪ હજાર કરોડ ચૂંટણી ખર્ચ થયો. હવે દેશનું દુર્ભાગ્ય જુઓ. સ્થાનિક ક્ષેત્રોની ચૂંટણીઓ માટે મતદાતાની સૂચિ અલગ હોય છે. નગરપાલિકા, મહાનગરપાલિકાની ચૂંટણી માટેના મતદાતાની સૂચિ અલગ હોય છે. એસેમ્બલી અને લોકસભાની અલગ છે. આજના ટેકનોલોજીના યુગમાં ભારત જેવા દેશમાં કોઈ પણ ચૂંટણી હોય, મતદાતા સૂચિ એક ન બની શકે શું ? એકદમ સરળ છે. પરંતુ આપણા શિક્ષકોની શક્તિ મતદાતાઓની સૂચિ બનાવવામાં જ ખર્ચાઈ જાય છે. આમાં પરિવર્તન જરૂરી છે.**

**હવે ચૂંટણી થાય છે ત્યારે તૂ-તૂ, મૈં-મૈં થાય છે. છીનાઝપટી થાય છે. આરોપ-પ્રત્યારોપ થાય છે. વિધાનસભાની ચૂંટણીઓના સમયે, અમે પ્રધાનમંત્રી છીએ છતાં રાજનીતિમાં પણ છીએ, અમારે જવું પડે છે, બોલવું પડે છે. સરકારની આલોચના કરવી પડે છે. ત્યાંના રાજનેતાની આલોચના કરવી પડે છે. જાણે-અજાણ્યે પણ આ માળખાને અસર પડતી હોય છે.**

**ચૂંટણીઓ પણ એક નિશ્ચિત સમયગાળામાં થવી જોઈએ. એમાં જેટલી હોળી રમવી હોય, રંગ ઉડાડવા હોય, કાળું કરવું હોય કે બૂરું કરવું હોય તે એ સમયે થઈ જશે. બીજું આપણા દેશનું લોકતંત્ર એવું છે કે અર્થનીતિ, આ જે કોંગ્રેસમુક્ત હું કહી રહ્યો છું તે કલ્ચરનો હિસ્સો છે - લોકરંજક અર્થનીતિ. હવે સરકારોને પણ આની આદત પડી ગઈ છે. હવે ચૂંટણીઓ આવી ગઈ છે - આ વહેંચો, પેલું વહેંચો એવી હરીફાઈ ચાલી રહી છે. એક કહે છે હું આ આપીશ, બીજો કહે છે હું પેલું આપીશ. જે વિપક્ષમાં હોય છે તેને તો ઘણી જ શાંતિ હોય છે. હું એક બાબતથી હેરાન હતો. હમણાં જ ગુજરાતમાં ચૂંટણીઓ થઈ તો શું ખબર શું હિસાબ કરીને કહ્યું કે ગુજરાતના કુલ બજેટથી ચારગણી વસ્તુઓ અમે**

મફતમાં આપીશું. હવે આવી બેજવાબદાર વાતો વહેતી થઈ છે. હવે લોકસભા-વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે થશે તો મને લાગે છે કે દેશનો ખર્ચ બચી જશે, સમય બચી જશે. સિક્યુરિટી. આપણા દેશની સિક્યુરિટીના લાખો લોકો વર્ષમાં ૧૦૦-૧૫૦ દિવસ ચૂંટણી-વ્યવસ્થામાં રોકાયેલા હોય છે. આટલો મોટો દેશ, આટલા બધા ખતરા, આટલાં બધાં આંદોલન. આપણે સામાન્ય માણસની સલામતી માટે સિક્યુરિટીને રોકીએ કે ચૂંટણી-વ્યવસ્થામાં રોકીએ ? જો એક સાથે ચૂંટણી થઈ જાય તો હું માનું છું કે વિધાનસભા-લોકસભાની ચૂંટણીઓ એક સાથે થવાની તારીખ નક્કી થઈ જવી જોઈએ. તે પછીના ૧ મહિનાની અંદર સ્થાનીય વિસ્તારોની ચૂંટણી થાય અને પછી જે ચૂંટાયા હોય તેમને પાંચ વર્ષ સુધી ચલાવવા જોઈએ. વચમાં માનો કે કોઈ સરકારનું પતન થઈ જાય, કોઈ એમપીનો સ્વર્ગવાસ થઈ જાય, કોઈ એમએલએનો સ્વર્ગવાસ થઈ જાય તો બાકીની ખાલી પડેલી બેઠકની જ ચૂંટણી થાય છે. એમ જ થવું જોઈએ. અને આ કોઈ વ્યક્તિ ના કરી શકે, કોઈ પક્ષ ના કરી શકે. બધાએ મળીને કરવું જોઈએ. મેં બધા પક્ષોની દરેક મીટિંગ વખતે આ પ્રશ્ન ઉઠાવ્યો છે. મેં વ્યક્તિગત રીતે જે જે પક્ષો સાથે વાતચીત કરી છે, વ્યક્તિગત રીતે બધાને કહ્યું છે કે આમ થવું જોઈએ. જલદી આ થઈ જાય તો સારું થશે, એમ કહી રહ્યા છે. હું એ વાક્ય બોલું તો તેઓ પાંચ વાક્યો બોલે છે, પણ જનતાજોગ નિવેદન કરવું હોય તો તેઓ બીજી વાત કરે છે.

પ્રશ્ન : એગ્રિકલ્ચર સેક્ટર આપે જેવું ગુજરાતમાં બનાવ્યું છે તેના ગ્રોથ લેવલની સેન્ટ્રલમાં આલોચના થાય છે. તો આપ આપના આલોચકો માટે શું કહેશો ?

**શ્રી નરેન્દ્રભાઈ :** આ આલોચના સાચી છે, અને તેનો ઈન્કાર ન કરવો જોઈએ. આ જવાબદારી દેશની છે, રાજ્ય સરકારની છે, ભારત સરકારની જવાબદારી છે, નરેન્દ્ર મોદીની જવાબદારી છે કે આપણા દેશના ખેડૂતોની સમસ્યાઓને સમજીને તેનું સમાધાન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. છેલ્લા કેટલાક સમયથી અમે જે પ્રયાસ કર્યો છે, તેનાથી વિશ્વાસનું એક વાતાવરણ બન્યું છે, જેમ કે પ્રધાનમંત્રી ફસલ યોજના. જેમ કે હમણાં મેં જોયું, જ્યારે હમણાં હું કર્ણાટક ગયો હતો, અમારા એક એમપી કર્ણાટકમાં ઘણા સક્રિય હતા. તેમણે તેમના વિસ્તારમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાને ખેડૂતો સુધી પહોંચાડી. અને ત્યાં દુર્ભાગ્યથી દુકાળ પડ્યો. તે ખેડૂતોને મારા અંદાજ મુજબ ૧૦૦-૧૨૫ કરોડ રૂપિયા ઈન્સ્યુરન્સના અપાવડાવ્યા. આ એક એવી સ્કીમ છે, જે ખેડૂતોને સંકટ સમયે જીવનદાન આપવાની શક્તિ ધરાવે છે. અમે આ કર્યું છે. સારી વાત એ છે કે તેમાં ખેડૂતોને ૨ ટકા જ આપવાના હોય છે. ૯૮ ટકા રકમ કેન્દ્ર અને રાજ્ય સરકાર આપે છે.

પ્રશ્ન : જી, થોડી આવડત. હું ફોરેન પૉલિસી પર વાત કરવા ઈચ્છું છું. મોદીજી, જુઓ, આપે ઘણાં પગલાં લીધાં છે વિશ્વના નેતાઓ સાથે. પ્રૅસિડેન્ટ ટ્રમ્પની સાથે, આંતરરાષ્ટ્રીય મંચ પર પાકિસ્તાનને અલગ-થલગ કરવા માટે આપના સંબંધો કેવી રીતે કામ આવશે ?

**શ્રી નરેન્દ્રભાઈ :** જો આપ એમ વિચારશો કે ભારતની વિદેશનીતિ પાકિસ્તાન આધારિત છે તો તે ભારતની સાથે ઘોર અન્યાય થશે. ભારતની વિદેશનીતિ વિશ્વના સંદર્ભમાં થાય છે. ઈસ્યુના સંદર્ભમાં થાય છે. અને એટલા માટે અમે કોઈ એક દેશને લક્ષયમાં રાખીને વિદેશનીતિ નથી બનાવતા, અને તેમ કરવું પણ ના જોઈએ. દુનિયા આતંકવાદ સામે ઝઝૂમી રહી છે. આતંકવાદના જનકની સામે દુનિયા લાલઘૂમ થઈ રહી છે. ટ્રંપ જોશ સાથે આતંકવાદ સામે અવાજ ઉઠાવી રહ્યા છે. આતંકવાદની સામે લડવા માટે જે કોઈ આવશે તેનું હું સન્માન કરીશ. ભારત-પાકિસ્તાને બહુ લડી લીધું. હવે ગરીબી સામે લડીએ. આવો, હળીમળીને બીમારી સામે લડીએ. પાકિસ્તાનની અવામ સાથે વાત કરું છું કે બતાવો, ગરીબી, અજ્ઞાન તથા બીમારીઓ સામે લડવું છે કે નહીં ? હળીમળીને લડશું તો જલદી જીતીશું.

પ્રશ્ન : મોદી ડૉક્ટરીન બાબતમાં નેતન્યાહુને કહ્યું કે આપ આતંકવાદની વિરુદ્ધ કડક છો. સોફ્ટપાવરથી આતંકવાદ સામે લડી ન શકાય.

**શ્રી નરેન્દ્રભાઈ :** આતંકવાદ માનવતાનો મુદ્દો છે. તે માનવતા પર સંકટ છે. એટલા માટે માનવતાવાદી શક્તિઓએ આતંકવાદની સામે લડવું જોઈએ.

પ્રશ્ન : હવે પછીના ૧૮ મહિનાઓ માટેની પ્રાથમિકતા.

**શ્રી નરેન્દ્રભાઈ :** હું ચૂંટણીના ટાઈમ ટેબલને ધ્યાનમાં રાખીને મારું ટાઈમ ટેબલ નથી બનાવતો. મેં સૌભાગ્ય યોજનાને હમણાં હાથ પર લીધી છે. ૨૫ કરોડ પરિવાર એવા છે જેમાંથી ૪ કરોડ પરિવાર હજુ પણ અંધારામાં જિંદગી વિતાવે છે. તેમનાં ઘરોમાં વીજ કનેક્શન નથી. ૪ કરોડ પરિવારોને મફતમાં સમયાવધિમાં વીજ કનેક્શનો આપીશ. હરેક સમાજમાં ગરીબ વર્ગ હોય છે. હું તેમના માટે કામ કરી રહ્યો છું. હું એવી યોજના હાથ પર લઉં છું, જેને પૂરી કરવા માટે હું પ્રયાસ કરી શકું.

પ્રશ્ન : શું એવી યોજના છે જેના પર કામ કરવું હજુ બાકી હોય ?

**શ્રી નરેન્દ્રભાઈ :** સાંસદ આદર્શ ગ્રામ યોજનામાં એક ગામમાં પૈસા રોકીને જુઓ. પ્રયોગ કરવા માટે આ કર્યું છે. એક મોટા નેતાએ આ મુદ્દે ભાષણબાજી કરવા માંડી. હવે હું એમપીને સમજાવીશ કે એક ગામને સેવાર્થે હાથ પર લઈ જુઓ.

●

## દાવોસમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વ સમક્ષ મુખ્ય ત્રણ પડકાર રજૂ કર્યા




# ‘ભૂમિપુત્ર’ માણસનો પ્રકૃતિ સાથેનો સતત વધતો સંઘર્ષ ચિંતાજનક - શ્રી નરેન્દ્રભાઈ મોદી

**દાવોસમાં આયોજિત વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રભાષા હિન્દીમાં વિશ્વને સંબોધન કર્યું હતું. આ મંચ પરથી તેમણે વિશ્વના શક્તિશાળી દેશોની પરવા કર્યા વિના ક્લાઈમેટ ચેન્જ, આતંકવાદ અને સ્વાર્થી આત્મકેન્દ્રિતપણાને વિશ્વ સામેના મુખ્ય ત્રણ પડકાર ગણાવ્યા હતા, આ પડકારો સામે તેમણે દુનિયાને એકજૂટ થવાની વાત કરીને વિકસિત દેશોને પણ કઠેડામાં ઊભા કરી દીધા હતા.**

### ક્લાઈમેટ ચેન્જ

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે આજે વિશ્વનું પર્યાવરણ બગડી રહ્યું છે એ સૌથી મોટો ખતરો છે. એન્ટાર્કટિકા કે આર્કટિક જેવા પ્રદેશોમાં બરફ અને ગ્લેશિયર્સ પીગળી રહ્યા છે. દુનિયાના અનેક ટાપુઓ ડૂબી ગયા છે કે ડૂબવાના છે. વિશ્વમાં ક્યાંક ખૂબ ઠંડી, ખૂબ ગરમી કે ખૂબ વરસાદ પડીને પૂર આવી રહ્યું છે, તો કેટલાક વિસ્તારો સૂકાભઠ છે. દુનિયામાં બધા જ કહે છે કે, કાર્બન ઉત્સર્જન ઘટવું જોઈએ, પરંતુ એવા કેટલા દેશ છે જે વિકાસશીલ દેશોને ટેક્નોલોજી અને જરૂરી સંસાધનો પૂરા પાડીને આ દિશામાં મદદ કરવા તૈયાર છે ? હજારો વર્ષો પહેલાં અમારાં શાસ્ત્રોમાં માણસને ભૂમિપુત્ર ગણાવ્યો હતો. જો એવું હોય તો માણસ અને પ્રકૃતિ વચ્ચે જંગ કેમ ચાલી રહ્યો છે ?

### આતંકવાદ

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે આતંકવાદના કારણે વૈશ્વિક માનવતા પરનો ખતરો અને ભારતની ચિંતાઓને લઈને વિશ્વ સારી રીતે પરિચિત છે. દુનિયાભરની સરકારો આ વિશે જાણે છે. આતંકવાદથી પણ વધુ ખતરનાક વિચાર ‘સારા આતંકવાદ’નો છે. દુનિયામાં સારા અને ખરાબ આતંકવાદ વચ્ચે ભેદ પાડવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. ભારત વર્ષોથી આતંકવાદથી પીડિત છે. વિશ્વના દરેક મંચ પર ભારત આતંક વિરુદ્ધ બોલીને વિશ્વને સાવચેત રહેવાનો સંદેશ આપે છે, પરંતુ જ્યારે સારા અને ખરાબ આતંકવાદ જેવા ભેદ પાડીને રાજકારણ ખેલાય છે ત્યારે આપણી એકતા ખોડંગાઈ જાય છે. આતંકવાદ કંઈ એક જ દેશની મુશ્કેલી નથી, પરંતુ આખા વિશ્વની સમસ્યા છે.

### સ્વકેન્દ્રીપણું

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે આજના યુગમાં પણ વૈશ્વીકરણ સંકોચાઈ રહ્યું છે. દુનિયાના અનેક દેશો અને સમાજ વધુ ને વધુ આત્મકેન્દ્રિત થઈ રહ્યા છે. આ સ્થિતિમાં એવું લાગે છે કે, વૈશ્વિકરણ ફક્ત નામનું રહી ગયું છે. આ પ્રકારની મનોવૃત્તિ અને ખોટી પ્રાથમિકતાઓ ક્લાઈમેટ ચેન્જ અને આતંકવાદ જેવી મુશ્કેલીઓથી ઓછી ખતરાજનક નથી.

દુનિયામાં બધા જ ઈન્ટરકનેક્ટેડ વિશ્વની વાતો કરી રહ્યા છે, પરંતુ વૈશ્વિકરણની ચમક સતત ઘટી રહી છે એ વાતમાં કોઈ શંકા નથી. ભારત સહિત અનેક દેશોને યુનાઈટેડ નેશન્સ અને વિશ્વ વેપારી સંગઠન જેવી સંસ્થાઓ માન્ય છે, પરંતુ શું તેઓ આજના વૈશ્વિક માહોલને અનુરૂપ છે ?



## વર્ષ-૨૦૨૨માં આઝાદીના ૭૫મા વર્ષે કિસાનોની આવક બમણી કરવાના રાષ્ટ્રના સંકલ્પની સિદ્ધિમાં ઇઝરાયલની કૃષિ ટેક્નોલોજી સહાયરૂપ બનશે - પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી

## Knowledge is futureની ઇઝરાયલ-ભારતની નીતિ વિકાસક્ષેત્રે નવાં પરિણામો સર્જશે - ઇઝરાયલના પ્રધાનમંત્રી શ્રીયુત બેન્જામીન નેતન્યાહુ

ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની પાવન ભૂમિ ઉપર ઈઝરાયલના પ્રધાનમંત્રી શ્રીયુત બેન્જામીન નેતન્યાહુને આવકારી તેમને ભારતના પરમમિત્ર ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે વર્ષ-૨૦૨૨માં આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થાય છે ત્યારે કિસાનોની આવક બમણી કરવાના કેન્દ્ર સરકારના સંકલ્પને સિદ્ધ કરવા ઈઝરાયલની કૃષિ ટેક્નોલોજી અત્યંત સહાયરૂપ બની રહેશે.

પ્રધાનમંત્રીશ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતું કે આપણી કૃષિ આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિથી આગળ વધે તે દિશામાં આપણા પ્રયાસો છે. તેમણે જણાવ્યું હતું કે કિસાનોએ આધુનિક ટેક્નોલોજી બજાર આધારિત ગુણવત્તાયુક્ત કૃષિ ઉત્પાદન, પાણીના બુંદ-બુંદનો આયોજનબદ્ધ ઉપયોગ, ઓછામાં ઓછો કૃષિ વેસ્ટ અને કૃષિ વેસ્ટ મેનેજમેન્ટમાં વૈજ્ઞાનિક અભિગમ સાથે આધુનિક કૃષિ માટે વિચારવું પડશે. આ માટે વદરાડનું સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વેજીટેબલ અને કચ્છમાં શરૂ થઈ રહેલું ખારેક માટેનું સેન્ટર ફોર એક્સેલન્સ શ્રેષ્ઠ સહાયરૂપ સાબિત થશે.

નાની-નાની બાબતો વિશે વિચારવાથી મોટું પરિણામ મેળવી શકાય તેની સમજ આપતાં પ્રધાનમંત્રીશ્રી મોદીએ જણાવ્યું હતું કે કૃષિકચરાને બાળી નાખવા કરતાં કચરામાંથી કંચનનું સર્જન કરવાનું વિચારવું પડશે. ખળખળ વહેતા પાણીથી કૃષિ કરવાના વિચારને બદલે પ્રત્યેક બુંદ દ્વારા વધુ પાક ઉત્પાદન વિશે વિચારવું પડશે. તેમણે પાણી અને પરિશ્રમના બચાવક્ષેત્રે વિચારવા કિસાનોને અનુરોધ કર્યો હતો. કૃષિ ઉત્પાદનમાં ગુણવત્તા અને સજીવ ખેતી આજના વિશ્વની માંગ છે એ દિશામાં આગળ ધપવા દેશભરના કિસાનોને આહ્‌વાન કરી પ્રધાનમંત્રીશ્રીએ ગુજરાતના આ બંને સેન્ટર ઓફ એક્સેલન્સને દેશભરના કિસાનો માટે પ્રેરણાસ્રોત ગણાવ્યા હતા.

ગુજરાત અને ઈઝરાયલ દેશની ભૌતિક સ્થિતિ લગભગ મળતી આવે છે તેનો ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રીશ્રી મોદીએ જણાવ્યું હતું કે રણવિસ્તાર, પાણીનો અભાવ, ઓછી જમીન, ગરમ વાતાવરણ જેવી સમાન ભૌગોલિક સ્થિતિ વચ્ચે ભારત-ઈઝરાયલના સંબંધો દેશનાં વિકાસક્ષેત્રોમાં ખાસ કરીને કૃષિવિકાસ ક્ષેત્રે મોટું પરિવર્તન લાવશે. પ્રધાનમંત્રીશ્રીએ નેતન્યાહુ દંપતીનો ગુજરાતની મુલાકાત બદલ આભાર માન્યો હતો.

ઈઝરાયલના પ્રધાનમંત્રી શ્રીયુત બેન્જામીન નેતન્યાહુએ ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું 'ધન્યવાદ મેરે પ્યારે દોસ્ત' કહીને અભિવાદન કર્યું હતું. તેમણે ઈન્ડો-

## ઇઝરાયેલના વડાપ્રધાનશ્રીની ભારતના વડાપ્રધાનશ્રીને ભેટ

### બનાસકાંઠા જિલ્લાના સુઇગામ તાલુકાને મળી અનોખી ગિફ્ટ
### વોટર ડી-સેલીનેશન પ્લાન્ટ ધરાવતી મોબાઇલ વાન



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ઈઝરાયલના વડાપ્રધાનશ્રી બેન્જામીન નેતન્યાહુ ગુજરાતની મુલાકાતે પધાર્યા છે ત્યારે ઈઝરાયેલના વડાપ્રધાનશ્રીએ ભારતના વડાપ્રધાનશ્રીને વોટર ડીસેલીનેશન પ્લાન્ટ ધરાવતી મોબાઈલ વાનની અનોખી ભેટ આપી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી નેતન્યાહુનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

બનાસકાંઠા જિલ્લાના સરહદી અને રણવિસ્તાર સુઈગામને મળેલ આ અનોખી ભેટનું વિડીયો કોન્ફરન્સથી બન્ને વડાપ્રધાનશ્રીઓના હસ્તે બનાસકાંઠા જિલ્લાના બોર્ડર વિસ્તારમાં ફરજ બજાવતા બી.એસ.એફ.ના જવાનો માટે લોકાર્પણ કરવામાં આવી છે. આ વાનની વિશેષતા એ છે કે, દરિયાનું ખારું પાણી પ્રતિદિન ૨૦,૦૦૦ લીટર અને તળાવ કે ભરાયેલુ કે નદીમાં વહેતા અશુદ્ધ ૮૦,૦૦૦ લીટર પાણીને પ્રતિદિન શુદ્ધ કરે છે.

ઉલ્લેખનીય છે કે, આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈઝરાયલની વર્ષ-૨૦૧૭માં મુલાકાત લીધી હતી ત્યારે ઈઝરાયલના વડાપ્રધાનશ્રી બેન્જામીન નેતન્યાહુએ આ વાન ચલાવીને બંને મહાનુભાવોએ ઓલગા બીચની સફર કરી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વાન દ્વારા પ્રોસેસીંગ કરીને શુદ્ધ થયેલા પાણીનો ટેસ્ટ પણ કર્યો હતો. ઈઝરાયલના વડાપ્રધાનશ્રી બેન્જામીન નેતન્યાહુ ભારતની મુલાકાતે આવ્યા છે ત્યારે તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને આ વાન ગિફ્ટ કરી છે. આ ગિફ્ટને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુઈગામ વિસ્તારમાં બોર્ડર ઉપર ફરજ બજાવતા બી.એસ.એફ.ના જવાનો માટે લોકાર્પણ કરવામાં આવી છે.

ઈઝરાયલ પાર્ટનરશીપને 'અમેઝીંગ પાર્ટનરશીપ' ગણાવી જણાવ્યું હતું કે બંને દેશોનો સહયોગ વિકાસને નવી ઊંચાઈ આપશે. તેમણે ઈઝરાયલના સહયોગથી તૈયાર થયેલા વદરાડ સેન્ટર ઓફ એક્સેલન્સના માર્ગદર્શન દ્વારા ગુણવત્તાલક્ષી વધુ ઉત્પાદન મેળવ્યું છે તે જાણીને ખુશી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે બાઈબલના સમયથી ઈઝરાયલની જ્યુઈસ પ્રજા ખજૂર, ઘઉં જેવા પાકોની પરંપરાગત ખેતી કરતી હતી. અમે વૈજ્ઞાનિક કૃષિ દ્વારા મરુભૂમિમાં કૃષિક્ષેત્રે નવાં પરિણામો સર્જ્યાં. અમે માનવ સમુદાયને 'ટેક્નોલોજી અને ગુડનેસ' આપ્યાં.

સમાજ માટે સહયોગી બનીને જીવવું એ અમારી પરંપરા છે તેમ જણાવી શ્રીયુત નેતન્યાહુએ લોકોના જીવનને વધુ ને વધુ ખુશહાલ બનાવવાના પ્રયાસોને દોહરાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ઈઝરાયલ અને ભારત Knowledge is future ની નીતિમાં માને છે. ભારત પાસે વિઝન છે. ભારત પાસે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી જેવું નેતૃત્વ છે ત્યારે બન્ને દેશો પરસ્પર સહયોગ દ્વારા વિકાસની નવી ઊંચાઈ હાંસલ કરશે.

ઈન્ડો-ઇઝરાયલ પાર્ટનરશીપના પ્રતીક સમા સાબરકાંઠાના વદરાડ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે બન્ને દેશના પ્રધાનમંત્રીશ્રીઓએ કચ્છ જિલ્લાના કુકમા ખાતે નવનિર્મિત ખારેકના પાક માટેના સેન્ટર ઓફ એક્સેલન્સનું ડિજિટલી લોકાર્પણ કર્યું હતુ. અને વદરાડ કેન્દ્ર ખાતે ઈન્ડો-ઇઝરાયલના ૨૫ વર્ષના સહયોગની સ્મૃતિરૂપ સ્મૃતિસ્તંભનું અનાવરણ પણ કર્યું હતુ. મહાનુભાવોએ પ્લગ નર્સરીની પણ મુલાકાત લીધી હતી.

•

**વિશ્વકક્ષાની સંસ્થા આઈ-ક્રિએટની નવીન અને ભવ્ય ઈમારતને રાષ્ટ્રાર્પણ કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**




# ઇન્ટેન્ટથી આઇડિયા, આઇડિયાથી ઇનોવેશન અને ઇનોવેશન દ્વારા ન્યૂ ઇન્ડિયાના સંકલ્પને સાકાર કરવો છે - વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું છે કે, ઈઝરાયલ-ભારતના ક્રિએટિવ અને ઈનોવેશનના ક્ષેત્રમાં દેશનાં યુવાનો વિશ્વમાં નામ રોશન કરશે. ઈઝરાયલની ટેક્નોલોજી અને ક્રિએટિવિટી પૂરા વિશ્વને પ્રભાવિત કરે છે. ઈઝરાયલના જ્ઞાનનો ફાયદો ભારતને વોટર, એગ્રિકલ્ચર, ફૂડ પ્રોસેસીંગ, રણમાં ખેતી, સાયબર સિક્યુરિટી જેવા ક્ષેત્રમાં થઈ શકે છે.

અમદાવાદ નજીક બાવળા પાસે દેવ ધોલેરા ખાતે આઈ-ક્રિએટ સંસ્થા રાષ્ટ્રને અર્પણ કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ઈનોવેશન અને ક્રિએટિવ જ્ઞાનનો લાભ લઈ દેશના યુવાનો ઈન્ટેન્ટથી આઈડિયા, આઈડિયાથી ઈનોવેશન, ઈનોવેશન દ્વારા ન્યૂ ઈન્ડિયાનું નિર્માણ થશે. ભારત-ઈઝરાયલના લોકોને નજીક લાવવા ઈનોવેશને મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આઈ-ક્રિએટ સંસ્થા નવાં સ્વપ્નો અને ઈનોવેટિવ પ્રોજેક્ટ દ્વારા યુવાનોમાં નવા વિચારોનું વધુ સર્જન કરશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને દોસ્તીને આવકારી ભારતની મુલાકાતે સહપરિવાર આવવા બદલ અને ગુજરાતનું નિમંત્રણ સ્વીકારવા બદલ ઈઝરાયલના વડાપ્રધાનશ્રીનો આભાર માન્યો હતો. આઈ-ક્રિએટ સંસ્થાના ઉદ્‌ઘાટન પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વર્ગીય પ્રો. એન.વી.વસાણીને યાદ કરીને જણાવ્યું હતું કે, આઈ-ક્રિએટ સંસ્થા વટવૃક્ષ બનીને દેશના યુવાનો પોતાની એનર્જીનો ઉપયોગ કરી ન્યૂ ઈન્ડિયાનાં સારાં પરિણામો પ્રાપ્ત કરશે. સરકાર અને સમાજ માટે આવી નવી સંસ્થાઓનું નિર્માણ થાય તે ખૂબ જ જરૂરી છે.

વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ઈન્ડિયા - ઈઝરાયલ ઈનોવેશન બ્રિજ બન્ને દેશોમાં ઈનોવેશનને વધુ મજબૂત બનાવશે. ઈઝરાયલની ટેક્નોલોજી અને ક્રિએટિવિટી પૂરા વિશ્વને પ્રભાવિત કરે છે ત્યારે આઈ ક્રિએટ જેવી સંસ્થા દેશના યુવાનોને ક્રિએટિવિટી અને ઈમેજિનેશનનું નૉલેજ પૂરું પાડવા માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મોબાઈલ વોટર ટ્રિટમેન્ટ વાહનની અનોખી ભેટ આપવા બદલ ઈઝરાયલના વડાપ્રધાન શ્રી બેન્જામીન નેતન્યાહુનો આભાર માન્યો હતો.

ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુવાનોની શક્તિના સામર્થ્યથી નાના 'I' થી મોટા 'I' સુધીની સફર ખેડી દિવ્ય અને ભવ્ય ભારતના નિર્માણની નેમ વ્યક્ત કરી હતી. તેમણે 'I' નો અહંકાર અને અહમ્ વચ્ચે ન આવે તે રીતે રચનાત્મક સંશોધન કરી સામાન્ય માણસનું જીવન વધુ ઉત્તમ બનાવી શકાય તથા ભારત સામે રહેલા પડકારોમાંથી મુક્તિ મેળવી શકાય તે દિશામાં કટિબદ્ધ થવા યુવાનોને જણાવ્યું હતું.

ઈન્ટેન્ટથી આઈડિયા, આઈડિયાથી ઈનોવેશન અને ઈનોવેશનથી ન્યૂ ઈન્ડિયાને સાકાર કરવાની ખેવના તેમણે વ્યક્ત કરી હતી. હોલિવુડની સાયન્સ ફિક્શનની ફિલ્મ બને છે તેના કરતાં ઓછા ખર્ચે ઈસરો મંગળયાન તથા ઉપગ્રહો અવકાશની ભ્રમણકક્ષામાં મૂકે છે. ઈસરોએ ૧૦૦ ઉપગ્રહ ભ્રમણ

કક્ષામાં મૂકવાની સિદ્ધિ હાંસલ કરી છે તેનો તેમણે ગૌરવભેર ઉલ્લેખ કર્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈઝરાયલના પૂર્વ વડાપ્રધાનશ્રી સીમોન પેરેઝના કથનને ટાંકતાં જણાવ્યું કે 'જેટલું મોટું સ્વપ્ન જોશો તેટલું જ સારું અને મોટું ફળ મળશે.'

દેશનો આકાર નહીં પરંતુ દેશ માટેની કલ્પના અને સંકલ્પ દેશને આગળ લઈ જતો હોય છે તેની ભૂમિકા આપી યુવાનોમાં રહેલી શક્તિઓનો દેશના સુગ્રથિત વિકાસ માટે ઉપયોગ કરી શકાય તે માટે આઈ-ક્રિએટ જેવી રચનાત્મક અને સર્જનાત્મક સંસ્થાની સ્થાપના કરી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

૨૧મી સદીમાં ભારત-ઈઝરાયલના ઈતિહાસમાં અનોખો અધ્યાય રચશે. ઈઝરાયલના જ્યૂઈસ સમાજના લોકોએ ભારતમાં પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે તેમ જણાવી તેમણે આઈ-ક્રિએટને સાકાર કરવામાં ભૂમિકા ભજવનારા સૌ લોકોનો આભાર માન્યો હતો.

**આઈ-પેડ, આઈ-પોડના 'આઈ'ની જેમ આઈ-ક્રિએટનો 'આઈ' જગતનું ભવિષ્ય બદલવાનું સામર્થ્ય ધરાવશે**
**- ઇઝરાયલના વડાપ્રધાનશ્રી બેન્જામીન નેતન્યાહુ**

ઈઝરાયલના વડાપ્રધાન શ્રી બેન્જામીન નેતન્યાહુએ જણાવ્યું કે, જગતમાં 'આઈ'-પેડ, આઈ-પોડની બોલબાલા છે પરંતુ આવનારા સમયમાં આઈ-ક્રિએટનાં 'I'ની જગતમાં બોલબાલા થશે. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે આ સંસ્થાની સ્થાપના કરવાના વિચારબીજ રોપ્યાં હતાં.

શ્રીમાન નેતન્યાહુએ યુવાઓને સંબોધતાં કહ્યું કે, યુવાહૃદયમાં જે કંઈ કરી છૂટવાની તમન્ના છે તેમનાં વિચાર અને સંશોધનનો જગતને બદલવા ઉપયોગ થવો જોઈએ. યુવાનો દ્વારા દેશ બદલાતો હોય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી યુવા છે અને વિઝનરી છે અને પોતાના પ્રબળ નેતૃત્વ દ્વારા ભારતને બદલી રહ્યા છે.

વિશ્વને વધુ સારું બનાવવા ઈનોવેશન અને ટેક્નોલોજી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે તેની ભૂમિકા આપી તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ટેક્નોલોજી માટેના વિઝન અને મિત્રતાની ભરપૂર સરાહના કરી હતી.

તેમણે કહ્યું કે, ઈઝરાયલ ડ્રોન, લાઈફ સ્ટાઈલ વગેરે ટેક્નોલોજીમાં ભારત સાથે સહભાગી થવા તત્પર છે. સંકલિત વિકાસ માટે ટેક્નોલોજી વાપરવા અંગે તેમણે ભાર મૂક્યો હતો.

ઈઝરાયલના વડાપ્રધાનશ્રીએ પોતાના ભાષણના અંતમાં 'જયહિંદ', 'જયભારત'નો નારો લગાવી ભારત સાથેની પોતાની આત્મીયતા વ્યક્ત કરી હતી. તેને ઉપસ્થિત જનમેદનીએ તાળીઓના નાદથી વધાવી લીધી હતી.

ઈઝરાયલના વડાપ્રધાન શ્રી બેન્જામીન નેતન્યાહુ દ્વારા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ભેટ તરીકે આપવામાં આવેલ વોટર ટ્રીટમેન્ટ વ્હીકલનું સુઈ ગામ ખાતે વીડિયો લીન્કનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે ઈઝરાયલની મુલાકાત લીધી હતી ત્યારે ઈઝરાયલના વડાપ્રધાને જાતે આ વોટર ટ્રીટમેન્ટ વ્હીકલનું ડેમોન્સ્ટ્રેશન કર્યું હતું. આ વોટર ટ્રીટમેન્ટ વ્હીકલ દ્વારા સમુદ્રના ખારા પાણીમાંથી દરરોજ ૨૦ હજાર લીટર શુદ્ધ પીવાલાયક પાણી ઉપલબ્ધ બનશે. સૂઈ ગામની બોર્ડર પર કાર્યરત લશ્કરના જવાનોને આ શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. આ વ્હીકલથી નદીના ગંદા પાણીને શુદ્ધ કરવાની ક્ષમતા ૮૦,૦૦૦ લીટર છે.

●



**ઇઝરાયલના વડાપ્રધાનશ્રીની ગુજરાત મુલાકાત ઇઝરાયલના ભારત સાથેના સંબંધો વધુ મજબૂત બનાવશે**
**- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે, ભારત અને ઈઝરાયલ વચ્ચે વ્યવસાયિક અને રાજનૈતિક મજબૂત સંબંધ છે. ઈઝરાયલનાં વડાપ્રધાન શ્રી બેન્જામીન નેતન્યાહુની મુલાકાત ભારત અને ઈઝરાયલના સંબંધોને નવી ઊંચાઈ બક્ષશે. તેમણે જણાવ્યું કે, વાયબ્રન્ટ ગુજરાતનું પણ ઈઝરાયલે વ્યાપક સમર્થન કર્યું છે અને ગયા વર્ષે પણ કૃષિમંત્રી સાથે ઈઝરાયલ વાયબ્રન્ટ સમિટ- ૨૦૧૭માં સહભાગી બન્યું હતું. સ્થાયી વિકાસને પોષિત કરવા માટે ગુજરાત કટિબદ્ધ છે ત્યારે ઈનોવેશન માટેની અનોખી સંસ્થા આઈ-ક્રિએટ દ્વારા ભારત - ઈઝરાયલની સહભાગિતા રોજગાર અને ઉદ્યોગ સાહસિકતાને અગ્રેસર કરવા માટે ઉદ્દીપક સમાન બની રહેશે તેમ જણાવી તેમણે ઉદ્યોગ સાહસિકોને પ્લેટફોર્મ પૂરું પાડવા રાજ્ય સરકાર સદૈવ તૈયાર છે તેની રૂપરેખા આપી હતી. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ઈઝરાયલના વડાપ્રધાનશ્રીને વડનગરના તોરણની પ્રતિકૃતિ ઈઝરાયલના વડાપ્રધાનશ્રીનાં પત્ની શ્રીમતી સારાને પાટણના પટોળાની ભેટ આપી સન્માન કર્યું હતું.

## ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસમાં સૌ પ્રથમવાર પદવીદાન સમારોહમાં રાષ્ટ્રપતિશ્રીની પ્રેરક ઉપસ્થિતિ

# ડૉ. અબ્દુલ કલામ સ્પેસ સાયન્ટિસ્ટ તો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સોશિયલ સાયન્ટિસ્ટ છે - રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ



ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે જણાવ્યું છે કે, જીવનમાં લક્ષ્ય નિર્ધારિત કરી પૂરી નૈતિકતાથી અને ઈમાનદારીથી પ્રયત્ન કરવામાં આવે તો તે કદાપિ નિરર્થક નહીં નીવડે. ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસમાં પદવીદાન સમારોહમાં આ પ્રથમ વખત છે કે, દેશના રાષ્ટ્રપતિ ઉપસ્થિત રહ્યા છે.

રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું કે, અમદાવાદને દેશમાં સૌ પ્રથમવાર યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સીટીનું બિરુદ મળ્યું છે તે દેશ માટે ગર્વ અને આનંદની વાત છે.

અમદાવાદને આ બિરુદ આપસી સૌહાર્દ, પુરાતન ધરોહર સાથે રાષ્ટ્રપિતા ગાંધીજીના નેતૃત્વમાં અમદાવાદ અહિંસાનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે તે પણ છે, તેમ જણાવી વિદ્યાર્થીઓને સામાજિક સૌહાર્દ અને અહિંસા જીવનમાં ઉતારવા સાથે તેનો પ્રચાર-પ્રસાર કરવા પણ અનુરોધ કર્યો હતો.

અમદાવાદની ધરતી પર તાજેતરનાં વર્ષોમાં ચીન, જાપાન અને ઈઝરાયલના રાષ્ટ્રવડાઓ આવી ચૂક્યા છે તેમ જણાવી તેમણે કહ્યું કે, અહીં આવનાર મહાનુભાવો અમદાવાદની સંસ્કૃતિ - વિરાસતને જોઈ પ્રભાવિત થાય છે તે સાથે અહીં વિકાસનું જે વાતાવરણ છે તે પણ તેઓને આકર્ષિત કરે છે તેથી જ ગુજરાત દેશમાં વિકસિત રાજ્ય તરીકે રાષ્ટ્રમાં અગ્રેસર છે.

તેમણે ડૉ. અબ્દુલ કલામ જો સ્પેસ સાયન્ટિસ્ટ છે તો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સોશિયલ સાયન્ટિસ્ટ છે તેમ જણાવી કહ્યું કે, ગુજરાત યુનિવર્સિટી માટે આનંદની વાત છે કે, વડાપ્રધાન આ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી ચૂક્યા છે તો, ડૉ. અબ્દુલ કલામ આ કર્મભૂમિમાં બે વર્ષ સુધી સંશોધન કાર્ય કરી ચૂક્યા છે. આ બંને સામાન્ય પરિવારમાંથી આવતું વ્યક્તિત્વ છે અને છતાં બંને ઊંચાઈ પર પહોંચ્યા છે તેમાંથી પ્રેરણા લેવા તેમણે વિદ્યાર્થીઓને આહ્‌વાન કર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગુજરાતમાં સાંસ્કૃતિક વિરાસત અને નૈતિક મૂલ્યોનાં મૂળ દૃઢ બનાવ્યાં હતાં તો તેની સાથે ઉદ્યોગ-સાહસિકતાને પ્રોત્સાહિત કરતા આઈ-ક્રિએટ જેવાં સંસ્થાનોની સ્થાપના કરી ઉદ્યોગ સાહસિકતાને બળ મળે તેવા વાતાવરણનું ગુજરાતમાં સર્જન કર્યું છે. વિદ્યાર્થીઓ માટે આ સાનુકૂળ તક છે કે, પોતાનું લક્ષ્ય નિર્ધારિત કરી આગળ વધે અને એટલી ઊંચાઈ હાંસલ કરે કે આ મહાનુભાવોને પણ પાછળ છોડી દે, તેમ તેમણે વિદ્યાર્થીઓનું ઉત્સાહવર્ધન કરતાં જણાવ્યું હતું.

ડૉ. વિક્રમ સારાભાઈ અને ડૉ. કસ્તૂરીરંગન જેવા વૈજ્ઞાનિકોની પણ અમદાવાદ કર્મભૂમિ રહી છે તેનું સ્મરણ કરતાં તેમણે કહ્યું કે, સ્વ-રોજગાર તો ગુજરાતની સંસ્કૃતિ રહી છે તે જ કદાચ ગુજરાતના વિકાસનું મુખ્ય કારણ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ સ્ટાર્ટઅપ - સ્ટેન્ડઅપ ઈન્ડિયા, સ્કીલ ઈન્ડિયા જેવાં અભિયાનો દ્વારા યુવાનોને આગળ આવવા માટે સાનુકૂળ વાતાવરણનું સર્જન કરી રહ્યા છે ત્યારે વિદ્યાર્થીઓએ પણ આ તક ઝડપી લેવી જોઈએ.

●



# આવકવેરા વિભાગ દ્વારા બેનામી સંપત્તિની લેવડ-દેવડ પર પ્રતિબંધ - કાયદા અંતર્ગત ઝડપી કાર્યવાહી



## ૯૦૦થી વધુ કેસોમાં ૩૫૦૦ કરોડ રૂપિયાથી વધુની બેનામી સંપત્તિ જપ્ત

આવકવેરા વિભાગ દ્વારા ઝડપી કાર્યવાહીના પ્રયાસોના કારણે બેનામી સંપત્તિની લેવડ-દેવડ પર પ્રતિબંધ કાયદા (બેનામી કાયદો) અંતર્ગત ૯૦૦થી વધુ કેસો સામે આવ્યા છે. બેનામી કાયદો ૧ નવેમ્બર, ૨૦૧૬ના રોજ લાગુ કરાયો હતો. કાર્યવાહી કરાયેલ સંપત્તિઓમાં જમીન, ફ્લેટ, દુકાનો, ઝવેરાત, વાહન, બેંક ખાતામાં જમા રકમ, ફિક્સ ડિપોઝિટ વગેરેનો સમાવેશ છે. ઝડપાયેલ સંપત્તિઓનું મૂલ્ય ૩૫૦૦ કરોડ રૂપિયાથી વધુ છે. જેમાં ૨૯૦૦ કરોડ રૂપિયાની અચલ સંપત્તિઓ સામેલ છે.

પાંચ કેસોમાં બેનામી સંપત્તિઓની તાત્કાલિક જપ્તીની રકમ રૂપિયા ૧૫૦ કરોડ રૂપિયાથી વધુ છે, જેની ખરાઈ નિર્ણાયક અધિકારીએ કરી છે. આવા એક કેસમાં એ પણ સાબિત થયું છે કે એક રિયલ એસ્ટેટ કંપનીએ લગભગ ૫૦ એકર જમીનનું અધિગ્રહણ કર્યું, જેનું મૂલ્ય ૧૧૦ કરોડ રૂપિયાથી વધુ હતું. તેના માટે એવા લોકોનાં નામોનો બેનામીદારોના રૂપમાં ઉપયોગ કરાયો, જેની પાસે આવકનું કોઈ સાધન જ નહોતું. આની ખરાઈ જમીન વેચવાવાળાની સાથે-સાથે આમાં સામેલ દલાલોએ કરી. એક અન્ય બાબતમાં વિમુદ્રીકરણ પછી બે આકારણી કરનારાઓએ પોતાના નોકરીદાતા, એસોસિએટ્સ વગેરેનાં નામથી અનેક બેંક ખાતાંઓમાં વિમુદ્રીકૃત નાણાં જમા કરાવ્યાનું સામે આવ્યું હતું, જે ખરેખર એમના બેંક ખાતાઓમાં જમા થવા જોઈતાં હતાં. લાભાન્વિત થનારી વ્યક્તિને મોકલવાની કુલ રકમ આશરે ૩૯ કરોડ રૂપિયા હતી. બીજા એક કેસમાં, એક વ્યક્તિના વાહનમાંથી ૧.૧૧ કરોડ રૂપિયાની રોકડ પકડાઈ હતી, જેણે આ રકમનો માલિક હોવાની ના પાડી દીધી હતી. આ સાથે જ આ રોકડની માલિકીની દાવેદારી કોઈએ ન કરી અને નિર્ણાયક પ્રાધિકાર દ્વારા એને બેનામી સંપત્તિ જાહેર કરી દેવામાં આવી હતી.

આ પહેલાં, આવકવેરા વિભાગે બેનામી કાયદા અંતર્ગત કાર્યવાહીમાં વધારો કર્યો હતો. આ કાયદા પ્રમાણે સંપત્તિને તુરંત જપ્ત કરવાનો અને ત્યાર પછી બેનામી સંપત્તિ સામે કાર્યવાહી કરવાની જોગવાઈ છે, પછી ભલે તે ચલ સંપત્તિ હોય કે અચલ સંપત્તિ હોય. આમાં લાભાન્વિત થનારા વ્યક્તિ, બેનામીદાર અને બેનામી વ્યવહારોમાં સહભાગી થનારા માટે સજાની પણ જોગવાઈ છે. જેની સજામાં સાત વર્ષની જેલ અને સંપત્તિના બજાર મૂલ્યનો ૨૫ ટકા સુધીનો દંડ થઈ શકે છે.

વિભાગે મે, ૨૦૧૭માં દેશભરમાં પોતાના તપાસ નિદેશાલયો અંતર્ગત ૨૪ સમર્પિત બેનામી પ્રતિબંધિત એકમો (બીપીયૂ) શરૂ કર્યા હતા, જેથી બેનામી સંપત્તિઓ વિરુદ્ધ ઝડપથી કાર્યવાહી કરી શકાય.

વિભાગ કાળા નાણાં વિરુદ્ધ સંયુક્ત અભિયાન ચાલુ રાખવા માટે પ્રતિબદ્ધ છે અને બેનામી લેવડ-દેવડની સામે કાર્યવાહી સતત ચાલુ રહેશે.

ડૉ. હર્ષદ પટેલ

## ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપાના વરિષ્ઠ કાર્યકર્તા શ્રીમતી આનંદીબહેન પટેલની મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકેની વરણી બદલ પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ્'' ખાતે અભિનંદન સમારોહ યોજાયો



**આજે દેશમાં રાષ્ટ્રપતિ પદ હોય, ઉપરાષ્ટ્રપતિ પદ હોય, વડાપ્રધાન પદ હોય, સ્પીકરનું પદ હોય, બધાં જ પદો પર જેમણે જીવનપર્યંત કાર્યકર્તા તરીકેની જવાબદારી નિભાવી છે તેવા કાર્યકર્તાઓ આજે આ પદ શોભાવી રહ્યાં છે, જેમાં હવે મધ્યપ્રદેશના ગવર્નર તરીકે શ્રીમતી આનંદીબહેન પટેલનો પણ સમાવેશ થાય છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

પ્રદેશ ભાજપા દ્વારા ગુજરાત રાજ્યનાં પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપાના વરિષ્ઠ કાર્યકર્તા શ્રીમતી આનંદીબહેન પટેલની મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકેની વરણી થવા બદલ અભિનંદન સમારોહનું આયોજન પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ્'' ખાતે કરવામાં આવ્યું હતું. રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ શ્રીફળ આપી અને શાલ ઓઢાડીને શ્રીમતી આનંદીબહેન પટેલને શુભેચ્છા પાઠવી હતી.

આજના આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તાઓને સંબોધતાં પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આજે એક અનેરો આનંદ અને ઉત્સાહનો અવસર છે. આજનો દિવસ ગુજરાત ભાજપાના નામે ઈતિહાસમાં લખાવા જઈ રહ્યો છે. રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદજી, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે આપણા પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને મધ્યપ્રદેશના વહીવટી વડાની ગવર્નર તરીકેની જવાબદારી સોંપી છે ત્યારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં હર્ષની લાગણી થઈ છે. વહીવટી કુશળતા, સંગઠનાત્મક સૂઝબૂઝ અને સામાજિક કાર્યોના અનુભવી એવાં શ્રીમતી આનંદીબહેન પટેલના માર્ગદર્શનમાં મધ્યપ્રદેશ પણ વિકાસની નવી ઊંચાઈઓ સર કરશે તેવો વિશ્વાસ શ્રી વાઘાણીએ વ્યક્ત કર્યો હતો. ખૂબ જ ટૂંકા ગાળાની સૂચના હોવા છતાં મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા તે બદલ પ્રદેશ પ્રમુખશ્રીએ કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો.

અભિનંદન સમારોહમાં સંબોધતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતની સાડા છ કરોડની જનતા વતી મધ્યપ્રદેશના રાજ્યપાલ બનવા બદલ શ્રીમતી આનંદીબહેન પટેલને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. રાજ્યના વહીવટી વડા તરીકે બંધારણ અને બંધારણમાં આપવામાં આવેલ અધિકારોના રક્ષણ માટે મધ્યપ્રદેશ જેવા દેશના બીજા નંબરના મોટા રાજ્યમાં જવાબદારી બદલ અભિનંદન પાઠવ્યાં હતાં. સંગઠનમાં મહિલા મોરચાના અધ્યક્ષા તરીકેની જવાબદારી હોય કે વિવિધ સરકારોમાં વિવિધ ખાતાંઓની જવાબદારી હોય કે પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકેની કામગીરી હોય, દરેક ક્ષેત્રે શ્રીમતી આનંદીબહેન પટેલે કામગીરી સુપેરે નિભાવી છે અને ગવર્નર તરીકે પણ ખૂબ સુંદર કામ કરશે જ તેવી શુભેચ્છાઓ મુખ્યમંત્રીશ્રીએ પાઠવી હતી. શ્રીમતી આનંદીબહેનની પરિશ્રમ અને ચીવટથી કામ કરવાની પદ્ધતિ રહી છે ત્યારે, રાજ્યપાલ તરીકેની નવી જવાબદારી ચોક્કસથી સુપેરે નિભાવશે તેવો દૃઢ વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. આજે દેશમાં રાષ્ટ્રપતિ પદ હોય, ઉપરાષ્ટ્રપતિ પદ હોય, વડાપ્રધાન પદ હોય, સ્પીકરનું પદ હોય, બધાં જ પદો પર જેમણે જીવનપર્યંત કાર્યકર્તા તરીકેની જવાબદારી નિભાવી છે તેવા કાર્યકર્તાઓ આજે આ પદ શોભાવી રહ્યા છે, જેમાં હવે મધ્યપ્રદેશના ગવર્નર તરીકે શ્રીમતી આનંદીબહેન પટેલનો પણ સમાવેશ થાય છે. ગુજરાતના આજ સુધી



## ભાજપા જ એક એવી કેડરબેઝ પાર્ટી છે કે, જેમાં નાનામાં નાના કાર્યકર્તાઓનું ઘડતર થાય છે અને એક રાજ્યના રાજ્યપાલના પદ સુધી પહોંચે છે - શ્રીમતી આનંદીબહેન પટેલ

મધ્યપ્રદેશના ગવર્નર તરીકે વરણી પામેલ શ્રીમતી આનંદીબહેન પટેલે પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, હું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહનો આભાર માનું છું. ભાજપાએ ચાર-ચાર બહેનોને રાજયપાલ બનાવ્યાં છે. તે પણ એક ઐતિહાસિક બાબત છે અને તે ભાજપામાં જ શક્ય છે. ભાજપા જ એક એવી કેડરબેઝ પાર્ટી છે કે, જેમાં નાનામાં નાના કાર્યકર્તાઓનું ઘડતર થાય છે અને એક રાજયના રાજ્યપાલના પદ સુધી પહોંચે છે. શ્રીમતી આનંદીબહેન પટેલે તેમની જીવનયાત્રાને વાગોળતાં જણાવ્યું હતું કે, આપણે પરિશ્રમ, યોગ્ય દિશા અને અંત સુધી પહોંચવાની મથામણના કારણે સફળ થતાં હોઈએ છીએ. શોર્ટકટ શોધવાનો કોઈ ફાયદો નથી. કાર્યકર્તા એ પાર્ટીનો હાથ-પગ-હૃદય-મસ્તિષ્ક છે. પાર્ટીમાં સૌથી મહત્ત્વનું સ્થાન કાર્યકર્તાઓનું હોય છે. આપણા વડવાઓએ ખૂબ જ મહેનત કરી ત્યારે, આજે આપણે આ સ્થાને પહોંચ્યા છીએ. ચૂંટાયેલા સૌ ધારાસભ્યોને લોકસંપર્ક થકી પ્રજાકલ્યાણનાં કાર્યો માટે સતત કાર્યરત રહેવા માર્ગદર્શન આપ્યું હતું. સફળતા ન મળે ત્યાં સુધી સતત અવિરતપણે કાર્યશીલ રહેવાનો ગુરુમંત્ર આજે શ્રીમતી આનંદીબહેન પટેલે તમામ કાર્યકર્તાઓને આપ્યો હતો અને સૌ કાર્યકર્તાઓને મધ્યપ્રદેશ રાજભવન આવવા આમંત્રણ આપ્યું હતું.

વરણી પામેલ સૌ ગવર્નરશ્રીઓને આ પ્રસંગે યાદ કરતાં મુખ્યમંત્રીશ્રીએ શ્રીમતી આનંદીબહેન પટેલને સફળ રાજયપાલ તરીકે રાજયના કલ્યાણમાં સંપૂર્ણ યોગદાન આપશે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ નવનિર્વાચિત ધારાસભ્યોના શપથવિધિ પ્રસંગે શુભેચ્છા પાઠવી




## ગુજરાતની વિકાસયાત્રાને અવિરતપણે આગળ વધારીએ - શ્રી જીતુભાઇ વાઘાણી

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ નવનિર્વાચિત ધારાસભ્યોના શપથવિધિ પ્રસંગે શુભેચ્છા પાઠવી હતી. ૧૪મી ગુજરાત વિધાનનસભાના પ્રોટેમ સ્પીકર ડૉ. નિમાબેન આચાર્યએ આજે ૧૪મી વિધાનસભાના નવનિર્મિત ધારાસભ્યોને સ્વર્ણિમ સંકુલના સાબરમતી કક્ષમાં યોજાયેલ શપથવિધિ બેઠકમાં ધારાસભ્યો તરીકે શપથ લેવડાવ્યા હતા. ગૃહના નેતા તરીકે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને ઉપનેતા તરીકે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે શપથ ગ્રહણ કર્યા હતા.

આ પ્રસંગે પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતુ કે, વિકાસપુરુષ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી પ્રેરિત વિકાસયાત્રમાં જ બધી સમસ્યાઓનું સમાધાન છે. ગુજરાતની સાડા ૬ કરોડ પ્રજાની સુખ-શાંતિ-સમૃધ્ધિને આગળ ધપાવીએ અને પ્રજાની સેવામાં તત્પર રહીએ તેમશ્રી વાઘાણીએ જણાવ્યું હતું.

શ્રી જીતુભાઈ વાઘાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, વિશ્વમાં જે કાંઇ પણ શ્રેષ્ઠ છે તેને ગુજરાતમાં લાવીએ, ગુજરાતની વિકાસની અવિરત યાત્રાને આગળ વધારીએ. નવા ગુજરાતની સંકલ્પના સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના ''ન્યુ ઇન્ડિયા''ના સંકલ્પમાં ભાગીદાર બનીએ. ગુજરાતની પ્રજાએ ભાજપાને સતત છઠ્ઠીવાર સેવાનો મોકો આપ્યો છે તે બદલ ગુજરાતની જનતાનો આભાર માન્યો હતો. આવનારા પાંચ વર્ષોમાં ''પ્રજાના સુખે સુખી અને દુઃખે દુઃખી''ના સૂત્ર સાથે ''સબકા સાથ સબકા વિકાસ'' મંત્રને ચરિતાર્થ કરીએ તેવી પ્રતિબધ્ધતા સાથે સૌને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. શ્રી જીતુભાઈ વાઘાણીએ વિપક્ષને પણ સકારાત્મકતા સાથે પ્રજાના સેવાયજ્ઞમાં જોડાવા અપીલ કરી હતી.

## ૨૦૧૬-૧૭માં ૧૬.૩૭ કરોડ ટન દૂધનું ઉત્પાદન



# વિશ્વમાં સર્વાધિક દૂધ ઉત્પાદન કરનાર દેશ - ભારત



કેન્દ્રીય કૃષિ તથા કિસાન કલ્યાણ મંત્રી શ્રી રાધામોહન સિંહે કહ્યું કે ગત ૧૫ વર્ષોથી વિશ્વમાં સર્વાધિક દૂધ ઉત્પાદન કરનાર દેશ તરીકે ભારતનું સ્થાન રહ્યું છે. આ ઉપલબ્ધિનું શ્રેય દુધાળુ પશુઓની ઉત્પાદકતા વધારવા માટે ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી અનેક યોજનાઓને મળે છે. જ્યાં ૧૯૬૦ના દસકામાં લગભગ ૧૭૨૨ મિલિયન ટન દૂધનું ઉત્પાદન થતું હતું, તે વધીને વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૬.૩૭ કરોડ ટન થઈ ગયું. વિશેષ કરીને ૨૦૧૩-૧૪ની તુલનામાં ૨૦૧૬-૧૭ના સમય દરમિયાન ૧૯ ટકાની વૃદ્ધિ થઈ છે. કેન્દ્રીય કૃષિમંત્રીશ્રીએ આ વાત ૨૮ ડિસેમ્બરના રોજ નવી દિલ્હીમાં આયોજિત ડેરી વિકાસ પર ચર્ચા-વિચારણાના હેતુસર નિમાયેલી સમિતિની બેઠકમાં કહી. કેન્દ્રીય કૃષિમંત્રીશ્રીએ એ પણ કહ્યું કે આજે ભારત એ ઊંચાઈને આંબી ગયું છે, જ્યાં દૂધના વ્યવસાયમાં વૈશ્વિક સ્તર પરના ઉદ્યમીઓ માટે અનેક સંભાવનાઓ ઊભરી રહી છે.

તેમણે કહ્યું કે એ જ રીતે વ્યક્તિ દીઠ દૂધની ઉપલબ્ધતા ૨૦૧૩-૧૪માં જે ૩૦૭ ગ્રામ હતી તે વધીને ૨૦૧૬-૧૭માં ૩૫૧ ગ્રામ થઈ ગઈ છે, જેનો આંક છે ૧૪.૩ ટકાની વૃદ્ધિ. એ જ રીતે ૨૦૧૧-૧૪ની તુલનામાં ૨૦૧૪-૧૭માં ડેરી કિસાનોની આવકમાં ૨૩.૭૭ ટકાની વૃદ્ધિ થઈ છે. ગત ૩ વર્ષોમાં દર વર્ષે ૫.૫૩ ટકાના દરથી દૂધ ઉત્પાદન વધીને વિશ્વમાં વાર્ષિક દૂધ ઉત્પાદનના દરથી આગળ નીકળી ગયું છે, જ્યાં દૂધ ઉત્પાદનના વિકાસનો દર ૨.૦૯ ટકા રહ્યો છે.

શ્રી સિંહે કહ્યું કે ગ્રામીણ વિસ્તારોમાં વિશેષતઃ ભૂમિહીન તથા સીમાંત ખેડૂતો માટે ડેરી વ્યવસાય તેમના જીવનનિર્વાહ તથા અન્નસુરક્ષા માટે મહત્ત્વનો આધાર બની રહ્યો છે. લગભગ ૭ કરોડ જેટલા ગ્રામીણ ખેડૂત પરિવારો ડેરી વ્યવસાય સાથે સંકળાયેલા છે, જેમની પાસે કુલ ગાયોની ૮૦ ટકા સંખ્યા છે.

કેન્દ્રીય કૃષિમંત્રીશ્રીએ કહ્યું કે વપરાશકર્તાઓની રુચિ ધીરે ધીરે વધુ પ્રોટીનવાળાં ઉત્પાદનો તરફ વધી રહી છે તથા વેલ્યુ એડેડ (મૂલ્યવૃદ્ધિ) ઉત્પાદનોનું ચલણ પણ વધવાથી દૂધની માંગ તેજીથી વધી રહી છે. ગત ૧૫ વર્ષોમાં દૂધ સહકારી મંડળીઓએ પોતાના કુલ ઉત્પાદિત દૂધનો ૨૦ ટકા હિસ્સો વેલ્યુ એડેડ (મૂલ્યવૃદ્ધિ) દૂધમાંથી બનાવેલ ખાદ્યવસ્તુઓમાં પરિવર્તિત કર્યો છે. જેનાથી પ્રવાહી દૂધની અપેક્ષાએ ૨૦ ટકા વધુ આવક પ્રાપ્ત થાય છે. શ્રી સિંહે કહ્યું કે એવી આશા છે કે ૨૦૨૧-૨૨ સુધીમાં કુલ દૂધના ૩૦ ટકા દૂધને મૂલ્યવૃદ્ધિ પદાર્થોમાં પરિવર્તિત કરવામાં આવશે.

શ્રી રાધામોહન સિંહે કહ્યું કે પ્રધાનમંત્રી દ્વારા સ્વાતંત્ર્યની ૭૫મી વર્ષગાંઠ (વર્ષ ૨૦૨૨) સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના કરાયેલા સંકલ્પની સાથે સાથે ડેરી વ્યવસાય સાથે સંકલાયેલા ખેડૂતોની આવક પણ બમણી કરવાના હેતુથી સરકાર દ્વારા અનેક યોજનાઓ ચલાવાઈ રહી છે. આ દિશામાં ડેરી વ્યવસાયીઓની આવક વધારવાના બે આધાર રાખવામાં આવ્યા છે : આપણાં દુધાળુ પશુઓની ઉત્પાદકતા વધારીને દૂધ ઉત્પાદનમાં વધારો કરીને આવકમાં વૃદ્ધિ કરવી તથા ડેરી વ્યવસાયીઓને આપવામાં આવતી પ્રતિ લિટર દૂધની મૂળ કિંમતમાં વધારો કરી આપવો.

કેન્દ્રીય કૃષિમંત્રીશ્રીએ કહ્યું કે ભવિષ્યની ચૂંટણીઓને લક્ષમાં રાખીને અત્યારે આવશ્યકતા એ વાતની છે કે આપણી કાર્યપ્રણાલીને ધીરે ધીરે આધુનિક તકનીકવાળી પ્રણાલીમાં બદલવામાં આવે. શ્રી સિંહે કહ્યું કે ડેરીના વિકાસના હેતુ માટે ૩ મહત્ત્વપૂર્ણ યોજનાઓ છે - રાષ્ટ્રીય ડેરી પરિયોજના-૧ (એનડીપી-૧), રાષ્ટ્રીય ડેરી વિકાસ કાર્યક્રમ (એનપીડીડી) તથા ડેરી ઉદ્યોગ વિકાસ યોજના.

**રાષ્ટ્રીય ડેરી યોજના-૧ :** આ યોજનાનું કાર્યાન્વયન એનડીબીબી (રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ) દ્વારા રાજ્ય સરકારના માધ્યમથી સંબંધિત રાજ્યનાં દૂધ સહકારી સંગઠનો / દૂધ ફેડરેશનો દ્વારા થઈ રહ્યું છે.

**રાષ્ટ્રીય ડેરી વિકાસ કાર્યક્રમ (એનપીડીડી) :** આ યોજનાનું કાર્યાન્વયન રાજ્ય સરકારના માધ્યમથી સંબંધિત રાજ્યનાં સહકારી દૂધ સંગઠનો/દૂધ ફેડરેશન દ્વારા થઈ રહ્યું છે.

**ડેરી ઉદ્યોગ વિકાસ યોજના :** આ યોજનાનું કાર્યાન્વયન નાબાર્ડ રાષ્ટ્રીય કૃષિ તથા ગ્રામવિકાસ બેંકો દ્વારા કરવામાં આવી રહ્યું છે.

દૂધ વ્યવસાયીઓની આવકને બમણી કરવાના ઉદ્દેશ માટે તથા શ્વેત ક્રાંતિના પૂર્વપ્રયાસોને તીવ્ર ગતિમાન કરવાના હેતુસર એક મહત્ત્વાંકાક્ષી યોજના વર્ષ ૨૦૧૭-૧૮માં શરૂ કરવામાં આવી છે. આ યોજનાનું કાર્યાન્વયન એનડીડીબી (રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ) દ્વારા રાજ્ય સરકારના માધ્યમથી સંબંધિત રાજ્ય સહકારી દૂધ સંગઠનો/દૂધ ફેડરેશન દ્વારા થાય છે. •

# સમગ્ર દેશમાં સ્માર્ટ શહેર મિશન અંતર્ગત ૧૮૭૫ કરોડ રૂપિયાની ૧૪૮ પરિયોજનાઓ કાર્યાન્વિત કરાઈ



આવાસ તથા શહેરી બાબતોના રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી હરદીપસિંહ પુરીએ કહ્યું કે સ્માર્ટ શહેર મિશન અંતર્ગત ૧,૩૫,૯૫૮ કરોડ રૂપિયાની ૨૮૬૪ પરિયોજનાઓ શરૂ થવાના વિભિન્ન તબક્કાઓમાં છે. ૧૮૭૨ કરોડ રૂપિયાની ૧૪૮ પરિયોજનાઓ પૂર્ણ થઈ ચૂકી છે, જ્યારે ૧૫,૬૦૦ કરોડ રૂપિયાની ૪૦૭ પરિયોજનાઓ પર કામ ચાલુ છે. ૧૩૫૧૪ કરોડ રૂપિયાની ૨૩૭ પરિયોજનાઓ માટે પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. ૧,૦૨,૨૬૦ કરોડ રૂપિયાની ૨૦૨૫ પરિયોજનાઓ માટે વિસ્તૃત પરિયોજના રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. પરિયોજનાઓ લાગુ કરવા અંતર્ગત સ્માર્ટ સમાધાન, સ્માર્ટ સડકો, સ્માર્ટ જળઆપૂર્તિ, મકાનની છત પર સૌર ઊર્જા પ્રણાલી જેવી બાબતો પર પણ કામ ચાલી રહ્યું છે.

શ્રી પુરીએ આ માહિતી ૧ જાન્યુઆરીના દિવસે આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયથી સંબદ્ધ પરામર્શ કરનારી સમિતિની બેઠકને સંબોધિત કરતાં આપી હતી. આ બેઠકમાં સંસદ સભ્ય શ્રી રાઘવ લખનપાલ, શ્રી સંતોખસિંહ ચૌધરી, ડૉ. શ્રીકાંત એકનાથ શિંદે અને ડૉ. સત્યનારાયણ જાટિયા, શ્રી દુર્ગાશંકર મિશ્રા, સચિવ વિભાગ અને શહેરી બાબતોના મંત્રાલય તથા મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વધુમાં શ્રી પુરીએ એ પણ કહ્યું કે સ્માર્ટ શહેર પરિયોજના અંતર્ગત ૯૦ શહેરોએ કુલ ૧,૯૧,૧૫૫ કરોડ રૂપિયાની ફાળવણી માટે પ્રસ્તાવ મૂક્યો છે. વિશેષ ક્ષેત્રની પરિયોજનાઓમાં ઝડપ લાવવા અનુમાનિત ખર્ચ ૧,૫૧,૫૦૦ કરોડ રૂપિયા થશે. ૩૬,૬૫૫ કરોડની બાકીની રકમ પ્રાપ્ત કરવા માટે બધાં શહેરોમાં પહેલ કરાઈ રહી છે. ક્ષેત્રવાર પરિયોજનાઓ અને શહેરી પરિયોજનાઓના અન્ય ખર્ચ માટે વિશેષ રૂપે ૧૯૯૮.૪૯ કરોડની રકમ એકઠી કરાઈ છે. આ પૈસાનો પરિયોજનાઓથી સંલગ્ન અન્ય ખર્ચમાં ઉપયોગ થશે. સ્માર્ટ શહેર પરિયોજનાનું કાર્યાન્વયન કંપની અધિનિયમ ૨૦૧૩ અંતર્ગત એક લિમિટેડ કંપનીના રૂપમાં શહેરી સ્તર પર સ્થાપિત વિશેષ ઉદ્દેશ્ય વાહક (એસપીવી) દ્વારા કરવામાં આવે છે અને આમાં રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ અને શહેરી સ્થાનિક વિભાગ (યુએલબી)ની સંયુક્ત રૂપે સરખી હિસ્સેદારી હોય છે.

## બુનિયાદી ક્ષેત્રનો વિકાસદર ૧૩ મહિનાના ઉચ્ચ સ્તર પર

રિફાઈનરી, સ્ટીલ અને સિમેન્ટ ક્ષેત્રના શાનદાર પ્રદર્શનથી નવેમ્બરમાં આઠ મુખ્ય ઉદ્યોગોએ ધમાકેદાર ૬.૮ ટકાનો વૃદ્ધિદર ઘોષિત કર્યો. ગયા વર્ષે નવેમ્બરમાં આ ઉદ્યોગોનો વૃદ્ધિદર ૩.૨ ટકા અને એ જ વર્ષે ઓક્ટોબરમાં ૫ ટકા વૃદ્ધિદર રહ્યો હતો. બુનિયાદી ક્ષેત્રનો વૃદ્ધિ દર ૧૩ મહિનાના ઉચ્ચ સ્તર સુધી પહોંચી ગયો છે. દર અસલ આઠ મુખ્ય ઉદ્યોગોમાં ફરીથી તેજી આવવી તે સકારાત્મક બાબત છે, કેમ કે સમગ્ર અર્થવ્યવસ્થા પર આની અસર પડે છે. સ્ટીલ અને સિમેન્ટ ઉત્પાદનનું સુંદર પ્રદર્શન ઉલ્લેખનીય છે.

એ સર્વવિદિત છે કે પરંપરાગત ક્ષેત્રના ૮ મુખ્ય ઉદ્યોગ કોલસો, કાચું તેલ, કુદરતી ગૅસ, રિફાઈનરીનું ઉત્પાદન, ખાદ્ય, સ્ટીલ, સિમેન્ટ અને વીજળી છે. ઔદ્યોગિક ઉત્પાદનનું બેરોમીટર માનવામાં આવતું આઈઆઈપીમાં આ ૮ ઉદ્યોગોનું ૪૦.૨૦ ટકા યોગદાન છે.

વાણિજ્ય તથા ઉદ્યોગ મંત્રાલય દ્વારા ૧ જાન્યુઆરીએ જાહેર થયેલા આંકડાઓ અનુસાર રિફાઈનરીનું ઉત્પાદન ઈસ્પાત તથા સિમેન્ટ ક્ષેત્રના વાર્ષિક વૃદ્ધિદરના આધાર પર ક્રમશઃ ૮.૨ ટકા, ૧૬.૬ ટકા તથા ૧૭.૩ ટકા રહ્યો. આ સાથે કાચું તેલ અને પ્રાકૃતિક ગેસના ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ થઈ.

રિફાઈનરી ઉત્પાદનનો ઈસીઆઈ સૂચકાંકમાં ૨૮.૦૩ ટકા ભાગ છે. આમાં ૨૦૧૭ના નવેમ્બરમાં ગયા વર્ષે એ જ મહિનાની તુલનામાં ૮.૨ ટકા વૃદ્ધિ નોંધાઈ છે. વિદ્યુત ઉત્પાદન, જેનો ઈસીઆઈ સૂચકાંક ૧૯.૮૫ ટકા ભાગ છે. તે સમીક્ષાધીન મુદતમાં તેમાં ૧.૯ ટકા વૃદ્ધિ થઈ છે.

સ્ટીલ ઉત્પાદનનો ઈસીઆઈ સૂચકાંકમાં ૧૭.૯૨ ટકા યોગદાન છે. આ સમીક્ષાધીન મહિનામાં ૧૬.૬ ઘણી વૃદ્ધિ થઈ. કાચા તેલની નિકાસ જે ૫.૩૭ ટકા છે, તેમાં નવેમ્બરમાં ૧૭.૩ ટકા જેટલી વૃદ્ધિ થઈ. પ્રાકૃતિક ગેસનો ઉપસૂચકાંક ૬.૮૮ ટકા જેટલો છે, તેમાં આ સમયમાં ૨.૪ ટકા વૃદ્ધિ થઈ છે.

•

# ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા રાજ્ય સરકારનો મહત્ત્વનો નિર્ણય





## રાજ્યની બિન-સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં વિવિધ કેડરની ૬૮૫૦ જગ્યાઓ પુનઃ જીવિત કરાઈ

નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજયના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવું એ રાજય સરકારની પ્રાથમિકતા રહી છે ત્યારે બિન-સરકારી ગ્રાન્ટેડ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિવિધ કેડરની ૬૮૫૦ જગ્યાઓ પુનઃ જીવિત કરવાનો રાજય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે, જેના પર સત્વરે નિમણૂકો કરાશે.

નાણામંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજયની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સાતમા પગાર પંચના લાભો આપવા સમયે ખાલી રહેલ જગ્યાઓ રદ કરવાની શરતે આ લાભો મંજૂર કરાયા હતા, પરંતુ, શિક્ષણક્ષેત્રે મહત્ત્વની આ જગ્યાઓ ભરવી અનિવાર્ય હોઈ, રાજય સરકારે આ જગ્યાઓ પુનઃ જીવિત કરવાનો નિર્ણય કર્યો છે, જેમાં, આચાર્યોની ૧૫૬૬, માધ્યમિક મદદનીશ શિક્ષક (શિક્ષણ સહાયક)ની ૨૯૧૫, ઉચ્ચતર માધ્યમિક મદદનીશ શિક્ષક (શિક્ષણ સહાયક)ની ૨૩૬૯ મળી કુલ-૬૮૫૦ જગ્યાઓ પુનઃ જીવિત થશે, જેના પર હવે નિમણૂકો અપાશે.

# ગુજરાતમાં ફી નિયમન મામલે કોંગ્રેસ પોતાનું વલણ સ્પષ્ટ કરે

શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, ગુજરાત સરકારે રાજ્યના લાખો વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય કરીને ફી નિર્ધારણ બીલ વિધાનસભામાં રજૂ કરી કાયદો બનાવ્યો છે ત્યારે કોંગ્રેસ ગુજરાતમાં બે મોઢાની વાતો કરી, વાલીઓને છેતરવાનો હીન પ્રયાસ કરી રહી છે. આ મુદ્દે કોંગ્રેસ પોતાનું વલણ સ્પષ્ટ કરે તેવી ચીમકી પણ મંત્રીશ્રીએ ઉચ્ચારી છે.

ગુજરાત ફી નિર્ધારણ મુદ્દે કેટલાક પક્ષકારોએ નામ. સુપ્રીમ કોર્ટમાં પિટિશન દાખલ કરી હતી તેની સુનાવણી થઈ તે અંગે વિગતો આપતાં મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉમેર્યું હતું કે, નામ. સુપ્રીમ કોર્ટે પક્ષકારોને પહેલી ફેબ્રુઆરી સુધીમાં યોગ્ય પુરાવાઓ રજૂ કરવાનો સમય આપ્યો છે, રાજ્ય સરકારના નિર્ણય સામે કોઈ સ્ટે આપ્યો નથી. પરંતુ નામદાર સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને પ્રક્રિયા ચાલુ રાખવા જણાવ્યું છે. તેમણે કહ્યું કે, તાજેતરમાં ગુજરાતમાં થયેલી ચૂંટણીઓ દરમ્યાન તેમના નેતાઓએ ગુજરાતમાં શિક્ષણના વ્યાપારીકરણનો મુદ્દો ઉછાળીને પ્રચાર કરી વાલીઓને ગેરમાર્ગે દોર્યા હતા. આજે નામદાર સુપ્રીમ કોર્ટમાં તેમના વરિષ્ઠ નેતા અને વકીલ શ્રી કપિલ સિબ્બલ તથા અભિષેક મનુ સંઘવીએ ફી નિર્ધારણ સમિતિના રાજ્ય સરકારના નિર્ણયની વિરુદ્ધમાં પક્ષકારો માટે પક્ષ લીધો હતો, તે જ દર્શાવે છે કે, કોંગ્રેસ બે મોઢાની વાતો કરીને રાજ્યની પ્રજાને ગેરમાર્ગે દોરે છે, પરંતુ ગુજરાતના નાગરિકો-વાલીઓ પણ તેમને સારી રીતે ઓળખે જ છે તેમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, ગુજરાત સરકારે તો રાજ્યના વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને ફી નિર્ધારણ એક્ટ વિધાનસભામાં પસાર કર્યો છે અને તેને ગુજરાતની નામદાર હાઈકોર્ટે પણ સ્વીકારીને રાજ્ય સરકારની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

## ગુજરાતની નવી સરકારને કેન્દ્ર સરકારની નવા વર્ષની ભેટ

# રાજ્યમાં માર્ગસુવિધાનો વ્યાપ વધારવા રૂ.૧૬૭૭ કરોડનાં વિકાસકામો મંજૂર : નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ



નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, વિકાસને વરેલી ગુજરાતની નવી સરકારને કેન્દ્ર સરકારે નવા વર્ષની ભેટરૂપે માર્ગસુવિધાનાં વિવિધ વિકાસકામોનો વ્યાપ વધારવા રૂ.૧૬૭૭ કરોડના વિવિધ પ્રોજેક્ટ મંજૂર કર્યા છે. આ કામો આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી પટેલે ઉમેર્યું કે, માર્ગસુવિધાના ક્ષેત્રે ગુજરાત સમગ્ર દેશમાં મોખરે રહ્યું છે, ત્યારે રાજ્યનો સુગ્રથિત વિકાસ થાય તે માટે માર્ગ અને મકાન વિભાગે ભારત સરકારને આ ત્રણ દરખાસ્તો કરી હતી તેને કેન્દ્રના માર્ગ અને મકાન મંત્રાલય દ્વારા મંજૂર કરાઈ છે, જેમાં મુખ્યત્વે રાજ્યના પાટનગર ગાંધીનગરથી અમદાવાદને જોડતા ૪૫ કિ.મી. લંબાઈના ચિલોડા-ગાંધીનગર-સરખેજ હાઈવેને રૂ.૮૪૬ કરોડના ખર્ચે છ-માર્ગીય બનાવાશે. આ માર્ગ સંપૂર્ણ ટોલ ફ્રી રહેશે, જેનાથી નાગરિકોને વધુ સુવિધાઓનો લાભ થશે. આ માર્ગ ઉપર સાણંદ, ઉજાલા જંક્શન, પકવાન જંક્શન, વૈષ્ણોદેવી જંક્શન તથા ગાંધીનગરના ઉવારસદ, સરગાસણ અને ઈન્ફોસિટી જંક્શન ખાતે સાત ફ્લાય ઓવરબ્રિજનું નિર્માણ થશે, સાથેસાથે સોલા તથા ખોડિયાર નજીક હાલના બે ઓવરબ્રિજને પણ છ-માર્ગીય કરાશે. વધુમાં, સોલા ભાગવતથી ઝાયડસ સર્કલ સુધી જ્યાં ખૂબ જ ટ્રાફિકનું ભારણ રહે છે તેવા ૪.૧૮ કિ.મી. રસ્તા પર એલિવેટેડ છ-માર્ગીય રસ્તાનું નિર્માણ કરાશે. જેનાથી આ રસ્તાનો નીચેનો ટ્રાફિક યથાવત્ રહેશે અને ઉપરથી આ એલિવેટેડ કોરીડોર પસાર થશે. આ માર્ગ માટે રૂ.૪૨૩ કરોડ કેન્દ્ર સરકારના તથા અન્ય રૂ.૪૨૩ કરોડ રાજ્ય સરકારને મળતાં સેન્ટ્રલ રોડ ફંડ (CRF)માંથી ફાળવાયા છે.

તેમણે ઉમેર્યું કે, નર્મદા ડેમ ખાતે વિશ્વની સૌથી ઊંચી સરદાર સાહેબની પ્રતિમા ''સ્ટેચ્યુ ઓફ યુનિટી''નું નિર્માણ થઈ રહ્યું છે તે સંદર્ભે આગામી સમયમાં પર્યટકોનો ખૂબ જ ધસારો તેમજ ટ્રાફિકના ભારણને ધ્યાને લઈ, નર્મદા નદી પર ગરૂડેશ્વર ખાતે રૂ.૫૨ કરોડના ખર્ચે EPC પદ્ધતિ હેઠળ નવા બ્રિજનું નિર્માણ કરાશે. આ બ્રિજ ૬૫૧ મીટર લંબાઈનો અને ત્રણ-માર્ગીય પહોળાઈ ધરાવતો બ્રિજ બનશે. આ કામ પણ બે વર્ષમાં પૂર્ણ કરાશે.

- **ચિલોડા-ગાંધીનગર-સરખેજ હાઈવેને રૂ.૮૪૬ કરોડના ખર્ચે છ-માર્ગીય બનાવાશે : સંપૂર્ણ ટોલ ફ્રી રોડ બનશે અને સાત ફ્લાયઓવર બ્રિજનું નિર્માણ થશે.**
- **નર્મદા નદી પર ગરૂડેશ્વર ખાતે રૂ.૫૨ કરોડના ખર્ચે નવા બ્રિજનું નિર્માણ કરાશે.**
- **રાજ્યના ૨૩ જિલ્લાઓમાં હયાત રસ્તાઓને પહોળા કરવા, મજબૂતીકરણ, નવા પુલ અને નાળાંઓ બનાવવા માટે સેન્ટ્રલ રોડ ફંડમાંથી રૂ.૭૮૦ કરોડનાં ૩૮ કામો મંજૂર.**

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હયાત રસ્તાઓને પહોળા કરવા, તેનું મજબૂતીકરણ, નવા પુલો અને નાળાંઓ બનાવવા માટે ભારત સરકાર તરફથી સેન્ટ્રલ રોડ ફંડ (CRF) આપવામાં આવે છે, આ માટે કેન્દ્ર સરકારે રાજ્યના ૨૩ જિલ્લાઓનાં ૩૮ કામો માટે પણ રૂ.૭૮૦ કરોડની ફાળવણી કરી છે, જે હેઠળ રાજ્યના સ્ટેટ હાઈવેનાં ૩૧૧ કિ.મી. લંબાઈનાં ૧૬ કામો માટે રૂ.૪૭૮ કરોડ, પંચાયત હસ્તકના રસ્તા પર રૂ.૨૯૯ કરોડના ૩૫૨ કિ.મી.નાં ૨૧ કામો તથા પોરબંદર ખાતે નેશનલ હાઈવેના રેલવે અન્ડરબ્રિજનું રૂ.૩ કરોડનું એક કામ પણ મંજૂર કરાયું છે. આમ સમગ્ર રાજ્યમાં આ યોજના હેઠળ કુલ-૬૬૩ કિ.મી. લંબાઈના માર્ગસુવિધાનાં કામો હાથ ધરાશે જે આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરાશે.

ઉપરોક્ત કામો પૂર્ણ થતાં રાજ્યના વાહનવ્યવહાર ક્ષેત્રે અને રસ્તાઓના નેટવર્ક ક્ષેત્રે ખૂબ જ મોટી સગવડ કરોડો નાગરિકોને પ્રાપ્ત થશે.

## ગુટકા પ્રતિબંધ કાયદાની સફળતા

# રાજ્યમાં તમાકુ વપરાશમાં નોંધપાત્ર ઘટાડો



રાજ્ય આરોગ્ય મંત્રી શ્રી કિશોર કાનાણીએ જણાવ્યું છે કે, તંદુરસ્ત સમાજ અને તંદુરસ્ત રાષ્ટ્રના નિર્માણ માટે વ્યક્તિનું આરોગ્ય શારીરિક અને મનથી તંદુરસ્ત હોવું અત્યંત અનિવાર્ય છે. ત્યારે પ્રવર્તમાન યુગમાં નાગરિકો-યુવાનોમાં તમાકુનું વ્યસન દૂર થાય તે માટે રાજ્ય સરકારની સાથે નાગરિકોએ પણ સહિયારા પ્રયાસો કરવા જોઈએ.

ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વે GATS-2 ૨૦૧૬-૧૭ અંગે યોજાયેલ વર્કશોપને ખુલ્લો મૂકતાં મંત્રી શ્રી કાનાણીએ કહ્યું કે, રાજ્યમાં તમાકુનો ઉપયોગ ઘટે તે માટે રાજ્ય સરકાર અસરકારક પગલાં લઈ જ રહી છે જેના પરિણામે આજે રાજ્યમાં તમાકુની વપરાશમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકારે ગુટખા પર પ્રતિબંધ મૂક્યો છે અને કાયદાકીય પગલાં પણ લેવાઈ રહ્યાં છે ત્યારે શિક્ષણના માધ્યમ દ્વારા શિક્ષકો પણ યુવાનો-વિદ્યાર્થીઓને આ અંગે શિક્ષણ દ્વારા શીખવે તે જરૂરી છે. તેમણે ખેડૂતોને પણ તમાકુના પાકની જગ્યાએ અન્ય પાકનું વાવેતર કરી સામાજિક જવાબદારી દાખવવા અપીલ કરી હતી.

આરોગ્ય કમિશનર શ્રીમતી જયંતી રવિએ સેમીનારનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં કહ્યું કે, ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વે GATS-2નાં તારણો મુજબ ગુજરાતમાં તમાકુના વપરાશમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૦૯-૧૦માં કરવામાં આવેલ GATS-1 ના સર્વેમાં જે આંકડો ૨૯.૪ ટકા હતો જે વર્ષ ૨૦૧૬-૧૭માં કરવામાં આવેલ GATS-2ના સર્વેમાં ઘટીને ૨૫.૧ ટકા થયેલ છે. ધૂમ્રપાનનું પ્રમાણ ૨૧.૬ થી ઘટીને ૧૯.૨ ટકા થયેલ છે, જેમાં ૨.૪ ટકાનો ઘટાડો થયેલ છે. જે પૈકી ૧૨.૮ ટકા પુખ્ત લોકો ગુટખાનું સેવન કરે છે, જ્યારે ૬.૪ ટકા બીડીનું સેવન કરે છે.

ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વે GATS-2 જે તમાકુના અભ્યાસ કરવા માટે આંતરરાષ્ટ્રીય ગુણવત્તાવાળી પદ્ધતિનો સર્વે છે. જેમાં ૧૫ વર્ષથી વધુની ઉંમરના વ્યક્તિઓમાં ૩૦ રાજ્યો અને ૨ યુનિયન ટેરીટરીમાં સર્વે હાથ ધરવામાં આવેલ હતો. ભારત સરકાર દ્વારા WHO, CDC અને Tata Institute of Social Scienceના ટેક્નિકલ આસિસ્ટન્ટ દ્વારા હાથ ધરવામાં આવેલ સર્વેમાં આખા ભારતમાંથી કુલ ૭૪,૦૩૭ વ્યક્તિઓનાં ઈન્ટરવ્યુ કરવામાં આવ્યાં હતાં, જે પૈકી ગુજરાતમાં માહે ઓગસ્ટ-૨૦૧૬થી ફેબ્રુઆરી-૨૦૧૭ દરમિયાન કુલ ૧,૩૪૬ પુરુષો અને ૧,૩૮૫ સ્ત્રીઓનાં ઈન્ટરવ્યુ કરાયાં હતાં. GATS-2 મુજબ ૧૫થી ૧૭ વર્ષની વયજુથના વ્યક્તિઓમાં તમાકુના વપરાશમાં ઘટાડો જોવામાં આવ્યો છે. તે મુજબ GATS-1માં જે ૬ ટકા હતો તે GATS-2માં ઘટીને ૩.૫ ટકા જોવા મળ્યો છે. તમાકુની વપરાશની શરૂઆતની ઉંમર સર્વે-૧માં ૧૮.૩ ટકા હતી તે સર્વે-૨માં ૧૮.૬ ટકા જોવા મળી છે. ગુજરાતના યુવાનો આગલાં વર્ષોની સરખામણીએ તમાકુ નિયંત્રણના કાયદાના અમલ બાદ હવે મોટી ઉંમરે તમાકુનો વપરાશ શરૂ કરી રહ્યા છે.

GATS-2ના સર્વેનાં તારણો જણાવતાં શ્રીમતી રવિએ કહ્યું કે, ૪૮ ટકા ધૂમ્રપાન કરનારાને ધૂમ્રપાન છોડવા માટે જણાવવામાં આવ્યું હતું અને ૩૩.૪ ટકા તમાકુ ચાવનારાઓને આરોગ્ય કર્મચારીઓ દ્વારા તમાકુની આદત છોડવા વિશે સમજણ આપવામાં આવી હતી.

રાજ્યમાં પરોક્ષ ધૂમ્રપાનનું પ્રમાણ પણ ઘટ્યું છે. જાહેર સ્થળો પર પરોક્ષ ધૂમ્રપાન ૩૧.૭ થી ઘટીને ૧૯.૯ થયું છે, જ્યારે ઘરોમાં પરોક્ષ ધૂમ્રપાન ૫૭.૮ ટકાથી ઘટીને ૩૭.૯ ટકા થયેલ છે અને નોકરી /ધંધાનાં સ્થળોએ પરોક્ષ ધૂમ્રપાન ૩૨.૧૮ ટકા ઘટીને ૨૦.૯ ટકા થયું છે.

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ (NTCP) અંતર્ગત રાજ્યના તમામ જિલ્લાઓમાં તમાકુ વિરોધી કામગીરી સઘન રીતે અમલવારીમાં છે અને આગામી સમયમાં આ કાર્યક્રમને ઝુંબેશ સ્વરૂપે અમલમાં મૂકવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે તેમ તેમણે ઉમેર્યું છે.

નેશનલ હેલ્થ મિશનના ડાયરેક્ટર ડૉ. ગૌરવ દહિયાએ જણાવ્યું હતું કે, તમાકુના નિયંત્રણ માટે શિક્ષણ, પોલીસ અને શ્રમ-રોજગાર વિભાગ મહત્ત્વનો રોલ અદા કરી શકે છે. ગુજરાતમાં ખેડા, આણંદ અને વડોદરા જિલ્લામાં તમાકુ પાકનું ઉત્પાદન ૯૦ ટકા છે, તે ઘટાડી ખેડૂતોને અન્ય પાકો તરફ વાળવા જોઈએ. દેશમાં ૫૯ ટકા માણસોમાં તમાકુ અને ધૂમ્રપાનના કારણે અને તમાકુના સેવનથી મોઢા-શ્વાસનળી, ફેફસાના કેન્સરમાં વધારો થયો છે. આ ઉપરાંત હૃદયરોગ, દમ અને શ્વસનતંત્રની સમસ્યા સહિત હઠીલા રોગનું પ્રમાણ વધ્યું છે.

●

## ‘સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ’ નિમિત્તે ગુજરાતભરમાં ૫૮૬ સ્થાન પર સ્વામી વિવેકાનંદ પૂજન કાર્યક્રમો યોજાયા

### તમામ યુવાનો સ્વામી વિવેકાનંદજીના આદર્શોને અનુસરે અને તેમના સ્વપ્નનું ભારત બનાવે તેવું યુવાનોને આહ્‌વાન - શ્રી જીતુભાઇ વાઘાણી

### સ્વામીજીના આદર્શને અનુસરીને યુવાનોએ જીવનમાં પ્રેરણા લઇ આજના દિવસે મહાભારતીને પરમવૈભવ સુધી પહોચાડવાનો સંકલ્પ લઈ કામ કરવું જોઈએ - ડો. શ્રી ઋત્વિજ પટેલ




‘‘સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ’’ નિમિતે યુવા મોરચા દ્વારા ગુજરાતભરમાં ૫૮૬ સ્થાન પર સ્વામી વિવેકાનંદ પૂજન અને વિવિધ સ્થાનો પર પૂજન સાથે શોભાયાત્રાનું આયોજન કરી સ્વામી વિવેકાનંદજીને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી મહેસાણા વિજાપુર ખાતેના કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહી સ્વામી વિવેકાનંદ પૂજન કરી યુવા મોરચાના કાર્યક્તાઓને સંબોધ્યા હતા. ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો ઋત્વિજ પટેલે ઇડર અને વિજાપુર ખાતેના કાર્યક્રમમાં હાજરી આપી હતી.

ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ વિજાપુર ખાતે યુવા મોરચાના કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું હતું કે, ભારતીય જનતા પાટી એ ફકત રાજનીતિ નથી કરતી. લોકોના દિલ દિમાગમાં દેશના મહાપુરુષો જીવતા રહે તે માટેના સતત પ્રયત્નો સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરતી હોય છે. બધા યુવાનો સ્વામીજીના આદર્શોને અનુસરે અને સ્વામી વિવેકાનંદજીના સ્વપ્નનું ભારત બનાવીએ તેવું યુવાનોને આહવાન કર્યું હતું.

યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો. ઋત્વિજ પટેલે વિજાપુર યુવા મોરચાના કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું કે, સ્વામીજીના આદર્શને અનુસરીને યુવાનોએ જીવનમાં પ્રેરણા લેવી જોઈએ. યુવાનોએ આજના દિવસે મહાભારતીને પરમવૈભવ સુધી પહોચાડવાનો સંકલ્પ લઈ કામ કરવું જોઈએ. વિવિધ જીલ્લાઓમાં યોજાયેલા સ્વામી વિવેકાનંદ પુજન કાર્યક્રમમાં વિવિધ જીલ્લાના પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને યુવા મોરચાના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાઇ સ્વામી વિવેકાનંદજીનું પુજન કર્યુ હતું.

**સમગ્ર ગુજરાતમાં યુવા મોરચા દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી નિમિતે ૧૬ જાન્યુઆરી થી ૨૩ જાન્યુઆરી સુધી રક્તદાન શિબિર સપ્તાહનું આયોજન કરી કુલ ૨૬,૩૨૩ રક્તયુનિટ એક્ત્ર કરાયા**

નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી નિમિત્તે ૧૬ જાન્યુઆરી થી ૨૩ જાન્યુઆરી દરમ્યાન સમગ્ર ગુજરાતના જિલ્લા/મહાનગરોમાં રક્તદાન શિબિર સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ‘‘તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દુંગા’’ના નારા સાથે ગુજરાતભરના યુવાનો રક્તદાન માટે આગળ આવ્યા હતા. સમગ્ર ગુજરાતના જિલ્લા/મહાનગરોમાં ૧૬ જાન્યુઆરી થી ૨૩ જાન્યુઆરી સુધી રક્તદાન શિબિર સપ્તાહનું આયોજન કરી કુલ ૨૬,૩૨૩ રક્તયુનિટ એકત્ર કરી યુવાનોએ નેતાજી સુભાષચંદ્ર બોઝને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ રક્તદાન શિબિર સપ્તાહ અંતર્ગત સીમા પર દેશની રક્ષા કરનાર જવાનો માટે નડાબેટ ખાતે ભારત-પાકિસ્તાન બોર્ડર પર એક વિશેષ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વિજ પટેલે રક્તદાન શિબિરમાં ઉપસ્થિત રહી નેતાજી સુભાષચંદ્ર બોઝને શ્રધ્ધાંજલિ અર્પણ કરી યુવાનોને સંબોધ્યા હતા. આ વિશેષ રક્તદાન શિબિરમાં પ્રદેશ મીડિયા સેલના કન્વીનરશ્રી ડૉ. હર્ષદ પટેલ, બનાસ ડેરીના વાઈસ ચેરમેનશ્રી માવજી દેસાઈ, યુવા મોરચા ઝોન ઇન્ચાર્જશ્રી વિનય દેસાઈ, બનાસકાંઠા જીલ્લાના યુવા મોરચાના પ્રમુખશ્રી હરેશભાઇ ચૌધરી તથા પ્રદેશ કારોબારી સભ્યશ્રીઓ શ્રી પ્રવિણ માળી અને શ્રી કૌશલ ગજ્જર ઉપસ્થિત રહ્યા હતા.

સીમાના જવાનો માટે યોજાયેલ રક્તદાન કેમ્પમાં મોટી સંખ્યામાં યુવા ભાઈઓ-બહેનોએ ઉપસ્થિત રહી ૧૧૧૧ના ટાર્ગેટ સામે ૧૨૭૪ યુનિટ રક્તદાન કર્યુ હતું.

હેમત ગોહિલ

# હજ સબસિડી બંધ કરી ભાજપા સરકારે બંધારણના પાયારૂપ સમાનતાના સિદ્ધાંતનો અમલ કર્યો

સ્વતંત્ર ભારતે પોતાના બંધારણનો અમલ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી કર્યો. આપણા બંધારણનો આરંભ 'આમુખ'થી થાય છે. આમુખમાં આપણા રાજ્યશાસનના પાયારૂપ સિદ્ધાંતો અને જે ધ્યેયો આપણે સિદ્ધ કરવાના છે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આપણે એક લોકશાહી, બિનસાંપ્રદાયિક અને પ્રજાસત્તાક દેશ છીએ, એનો સ્પષ્ટ ઉલ્લેખ બંધારણના આમુખમાં કરવામાં આવ્યો છે.

આઝાદી બાદ દેશમાં લગભગ પાંચ દસકા સુધી કોંગ્રેસનું શાસન રહ્યું. આ પાંચ દસકના શાસન દરમિયાન કોંગ્રેસે પવિત્ર બંધારણના પાયારૂપ સિદ્ધાંતોની ખૂબ અવહેલના કરી. જવાહરલાલ નહેરૂને તો ભારતનું બંધારણ ફ્રાંસના વકીલ જૈનિન પાસે બનાવવું હતું, પરંતુ ગાંધીજી અને સૌ કોઈએ વિરોધ કરતાં કહ્યું, 'દુનિયા શું કહેશે ?' આવડા મોટા દેશમાં બંધારણ ઘડવા કોઈ નિષ્ણાત નથી ? અંતે ડૉ. આંબેડકરની આગેવાનીમાં બંધારણ સભાની રચના થઈ.

લોકશાહી દેશમાં લોકશાહીનું 'કટોકટી' દ્વારા ગળું ઘોંટનાર બીજું કોઈ નહીં, કોંગ્રેસના વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી જ હતાં. ભારત એક પ્રજાસત્તાક દેશ છે. પ્રજાસત્તાકનો અર્થ છે ભારતમાં કોઈ વ્યક્તિ કે પરિવારનું વંશપરંપરાગત શાસન ચાલતું નથી, પરંતુ કોંગ્રેસે આ પાયારૂપ સિદ્ધાંતનો છેદ ઉડાડી દેશમાં જાણે નહેરૂ-ગાંધી પરિવારવાદનો અમલ કર્યો છે. બંધારણના બીજા પાયારૂપ સિદ્ધાંત બિનસાંપ્રદાયિકતાને વિસરાવી દઈ મુસ્લિમોનું તુષ્ટીકરણ કરી વોટબેન્કની રાજનીતિ અપનાવી. ભારત સંઘરાજ્ય હોવાં છતાં કેન્દ્રમાં જ્યારે કોંગ્રેસનું શાસન હતું ત્યારે તે સરકારે દેશનાં રાજ્યો વચ્ચે ભેદભાવ રાખેલ.

હવે જ્યારે કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભાજપા સરકાર કાર્યરત છે ત્યારે શ્રી નરેન્દ્રભાઈએ બંધારણના પાયારૂપ સિદ્ધાંતોનો ચુસ્તપણે અમલ કરવાનું શરૂ કર્યું છે. ૨૦૧૮ના વર્ષની શરૂઆતમાં જ કેન્દ્રની ભાજપા સરકારે મુસ્લિમોને હજયાત્રા માટે મળતી સબસિડીને રદ કરી, આ સબસિડીનાં નાણાંનો ઉપયોગ યુવતીઓના શિક્ષણ અને સશક્તીકરણ માટે કરવામાં આવશે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ નિર્ણયને દેશભરના મુસ્લિમોએ આવકાર્યો છે.

### અંગ્રેજોના સમયમાં હજ સબસિડી ન હતી

દેશમાં આઝાદી પહેલાં અંગ્રેજ કાળના લાંબા શાસનકાળ દરમિયાન મુસ્લિમોને હજ માટે કોઈ લાભ કે રાહત આપવામાં આવતી નહોતી. દરેક હજયાત્રીએ જાતે સગવડ કરી લેવી પડતી હતી. એ વખતે યાતાયાતની આજના જેટલી આધુનિક સગવડો પણ નહોતી. મોટાભાગે મુંબઈથી વહાણ કે મોટા મછવામાં દરિયાઈ મુસાફરી કરવી પડતી. મક્કા સુધી પહોંચતાં અનેક પ્રકારની મુશ્કેલીઓ અને જોખમોનો સામનો કરવો પડતો. દરિયાઈ તોફાનોમાં વહાણ કે મછવા ડૂબતાં પણ ખરા. હજયાત્રીઓના પરિવારજનોને તેઓના કોઈ ખબરઅંતરના સમાચાર પણ મળતા નહીં. વિમાની સેવાઓ વ્યાપક બનતાં હજયાત્રા સરળ અને સહેલી થઈ ગઈ.

### નહેરૂએ હજ સબસિડી શરૂ કરી

મુસ્લિમ સમાજને ખુશ કરવા અને મુસ્લિમોના તુષ્ટીકરણની નીતિના એક ભાગરૂપે સન ૧૯૫૯માં જવાહરલાલ નહેરૂએ ભારતમાં મુસ્લિમોને હજયાત્રા માટે સબસિડી આપવાની શરૂઆત કરી. નહેરૂએ જ્યારે હજયાત્રીઓને સબસિડી આપવાનો નિર્ણય લીધો ત્યારે સૌ કોઈએ આશ્ચર્ય થયું હતું. આશ્ચર્ય એ વાતનું હતું કે માત્ર ભારતમાં જ આવી હજ અંગે સબસિડી આપવામાં આવે છે. અન્ય કોઈ દેશમાં આવી સબસિડી આપવામાં આવતી નથી. કોઈ મુસ્લિમ દેશ પણ તેના નાગરિકને સબસિડી આપતો નથી. ઈસ્લામી માન્યતા પ્રમાણે પણ આવી સબસિડી અયોગ્ય છે. ખેરાત (જકાત)નાં નાણાંથી કરેલી હજ અલ્લાહ પણ કબૂલ કરતા નથી આ પ્રકારની ઈસ્લામી માન્યતા છે. પણ કોંગ્રેસને કે નહેરૂને મુસ્લિમોની ધાર્મિક લાગણી સાથે ક્યાં નિસ્બત હતી ? તેમને તો મુસ્લિમોના 'મત' સાથે નિસ્બત હતી.

### ખેરાત કે સરકારી સહાયથી હજયાત્રા અલ્લાહને કેટલી કબૂલ ?

હજયાત્રા સબસિડીનું એક પાસું ધાર્મિક પણ છે. હિંદુઓ માટે ચાર ધામયાત્રાનું જેટલું મહત્ત્વ છે એટલું જ મહત્ત્વ મુસલમાનો માટે હજયાત્રાનું છે. હજયાત્રા સબસિડીનો ઘણા મુસ્લિમો, બૌદ્ધિકો, વિચારકો અને કેટલાક મૌલવીઓ પણ વિરોધ કરતા હતા. એક જાણીતા મુસ્લિમ વિદ્વાન મોહમ્મદ યુસુફખાને એક અંગ્રેજી અખબારમાં લેખ લખ્યો હતો જેનું ટાઈટલ હતું : 'હજ નીડ નોટ બી સબસિડાઈઝ્ડ' એટલે કે હજ સબસિડી આપવાની જરૂર નથી. લેખમાં એમણે એવી દલીલ રજૂ કરી હતી કે, ઈસ્લામનો આદેશ છે કે દરેક હાજીએ પોતાના પરસેવાની કમાણીમાંથી હજની યાત્રા કરવી જોઈએ. પારકા પૈસે, દેવું કરીને કે પરિવારને આર્થિક મુશ્કેલીમાં મૂકીને કરેલી હજ કબૂલ થતી નથી. ખેરાત કે સરકારી સહાયથી થતી હજ અર્થહીન બની જાય છે.

### હજયાત્રિકો માટે કાશ્મીર કોંગ્રેસના મુખ્યમંત્રીએ વાયુદળનાં બે સ્પેશ્યલ પ્લેન મંગાવ્યાં

કાશ્મીરમાં જ્યારે મુખ્યમંત્રી તરીકે કોંગ્રેસના ગુલામનબી આઝાદ હતા ત્યારે

તેમણે બંધારણના નીતિ-નિયમો અને કાયદાઓનો કેવો છડેચોક ભંગ કર્યો હતો તેનો કિસ્સો જાણીતો છે. મુસ્લિમોને રાજી કરવા કોંગ્રેસ ગમે તે કક્ષાએ જઈ શકે છે. હજયાત્રાના દિવસોમાં એકવાર શ્રીનગરના એરપોર્ટ પર હજયાત્રિકોનું એર ઈન્ડિયાનું વિમાન ધુમ્મસના કારણે ઊડી શકે તેમ નહોતું. યાત્રિકો એરપોર્ટમાં બેસી રહ્યા હતા. આ વાતની જાણ ગુલામનબી આઝાદને થતાં તેઓએ ક્ષણભરનો પણ વિલંબ કર્યા વગર દિલ્હી કોંગ્રેસના કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રી સાથે વાત કરી વાયુદળનાં બે પ્લેન શ્રીનગર મોકલવા વિનંતી કરી. ગુલામનબીની વિનંતી માન્ય રહી અને ધુમ્મસમાં પણ ઊડી શકે તેવાં બે સ્પેશ્યલ IL-76 પ્રકારનાં વિમાન શ્રીનગર એરપોર્ટ પહોંચી ગયાં. દિલ્હીના વિમાની મથકે ઘણીવાર ધુમ્મસના કારણે હજારો મુસાફરો ફ્લાઈટ કેન્સલ થવાના કારણે મુશ્કેલીમાં મુકાય છે. તેમના માટે કદી વાયુદળનાં વિમાનો આવ્યાં નથી. કોંગ્રેસની હંમેશા પક્ષપાતભરી અને તુષ્ટીકરણની નીતિ જ રહી છે. કોંગ્રેસ બંધારણના નિયમો સાથે આંખ આડા કાન ધરે છે.

### હજ સબસિડી અંગે સુપ્રીમ કોર્ટમાં અરજી

૧૯૧૯ના હજ કમિટી એક્ટ હેઠળ હજ પઢવા જતાં યાત્રાળુઓને કેન્દ્ર સરકાર સબસિડી આપતી. એક અરજદારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને આ કાયદાના બંધારણીય વજૂદ અને યથાર્થતાને પડકાર કર્યો. માત્ર એક જ કોમને આપવામાં આવતી આ નાણાકીય મદદ બંધારણે બક્ષેલા સમાનતાના સિદ્ધાંતથી વિપરીત છે. અન્ય કોઈ પંથ, જાતિ કે સંપ્રદાયને આવી મદદ મળતી નથી. આ અરજી દાખલ કરી સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારનો ખુલાસો માંગેલ. ઉત્તર પ્રદેશ હાઈકોર્ટની અલ્હાબાદ બેન્ચે હજ સબસિડી ઉપર રોક લગાવવાનો હુકમ કરેલ જેની સામે તે વખતની મુલાયમ સરકારે સુપ્રીમ કોર્ટમાં સ્પેશ્યલ લીવ પિટિશન કરેલ.

### હજ સબસિડી બંધ

કેન્દ્રમાં રહેલી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની ભાજપા સરકારે મુસ્લિમોને હજયાત્રા માટે અપાતી સબસિડી ચાલુ વર્ષથી જ રદ કરી એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. લઘુમતી બાબતોના કેન્દ્રીય પ્રધાન શ્રી મુખ્તાર અબ્બાસ નકવીએ જણાવ્યું હતું કે, ૨૦૧૨માં સુપ્રીમ કોર્ટે જ આદેશ આપી આ હજ સબસિડી રદ કરવાં કહ્યું હતું. વર્ષોથી હજ સબસિડી માટે લગભગ ૭૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવતો હતો. મુસ્લિમોની વસતી વધતાં દર વર્ષે હજયાત્રિકોની સંખ્યામાં વધારો થતો જતો હતો. ૨૦૧૪માં ૦.૯૯ લાખ, ૨૦૧૫માં ૧.૧૫ લાખ, ૨૦૧૬માં ૧.૪ લાખ, ૨૦૧૭માં ૧.૭ લાખ લોકોએ હજ પઢી હતી. ચાલુ વર્ષે પણ ૧.૭૫ લાખ લોકો હજ પઢવા જવાના છે.

હજયાત્રામાં વધુમાં વધુ મસ્લિમો જોડાઈ શકે અને હજયાત્રા થોડી ઓછા ખર્ચની બની રહે તેવા પ્રયાસો ભાજપા સરકાર કરી રહી છે. થોડા સમય પહેલાં જ ભારત સરકાર અને સાઉદી અરેબિયા વચ્ચે હજયાત્રાને લઈને દ્વિપક્ષીય મંત્રણા થઈ હતી. આ કરારોમાં કેન્દ્રીય પ્રધાન અબ્બાસ નકવીએ સહીઓ કરી છે. આ કરાર મુજબ ટૂંક સમયમાં સમુદ્રીમાર્ગેથી પણ હજયાત્રા શરૂ કરવાનું આયોજન સરકાર બનાવી રહી છે.

### હજ સબસિડીનાં નાણાં મહિલાઓના શિક્ષણ અને સશક્તીકરણ માટે વપરાશે

કોંગ્રેસની રાજનીતિ પ્રથમથી જ મતબેંકની રાજનીતિના સ્વાર્થથી આંધળીભીત બની રહી છે. કોંગ્રેસના શાસનકાળ દરમિયાન મુસ્લિમ તુષ્ટીકરણની નીતિઓના અતિરેકના કારણે રાષ્ટ્રની એકતા, અને સર્વાંગી વિકાસનાં કાર્યોમાં મોટી અડચણો પેદા થઈ છે. હવે કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની ભાજપા સરકારે બંધારણમાં બક્ષેલા સમાનતાના સિદ્ધાંત મુજબ પગલાં લેવાનું શરૂ કર્યું છે. મુસ્લિમ મહિલાઓને વર્ષોથી તીન તલ્લાકનો પ્રશ્ન પીડા આપતો હતો. બંધારણે બક્ષેલા તમામ નિયમો પર તરાપ સમાન આ તીન તલ્લાક બાબત બની રહી હતી. મુસ્લિમ મહિલાઓ વર્ષોથી આ મુદ્દે ગૂંગળામણ અનુભવતી હતી. આ ગૂંગળામણમાંથી છુટકારો મેળવવા શાહબાનો નામની મુસ્લિમ મહિલાએ બીડું ઝડપ્યું અને સુપ્રીમ કોર્ટ સુધી જબરી લડત આપી. સખ્ત સંઘર્ષના અંતે સુપ્રીમ કોર્ટે ચુકાદો શાહબાનોની તરફેણમાં આપ્યો, પરંતુ આ આવકાર્ય અને આવશ્યક ચુકાદાનો આનંદ મુસ્લિમ મહિલાઓ લાંબો સમય ન મેળવી શકી, કારણ કે કેન્દ્રમાં રાજીવ ગાંધીની કોંગ્રેસ સરકાર જંગી બહુમતીથી બેઠી હતી. મુસ્લિમ તુષ્ટીકરણ અને વોટબેંકની રાજનીતિને ધ્યાનમાં રાખી અને દબાણને વશ થઈ રાજીવ ગાંધીએ સુપ્રીમ કોર્ટના ચુકાદાને સંસદમાં બહુમતીના જોરે રદ કરી નાંખ્યો. બંધારણે બક્ષેલા સ્વતંત્રતાના અને સમાનતાના હક્કો છિનવાઈ ગયા. મુસ્લિમ મહિલાઓની સ્થિતિ વર્ષો પહેલાં હતી ત્યાં ને ત્યાં આવી ગઈ.

થોડા સમય પહેલાં જ શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે સંસદમાં તીન તલ્લાક મુદ્દે એક ખરડો પસાર કરાવી, મુસ્લિમ મહિલાઓના હક્કનું રક્ષણ કરવાની પહેલ કરી છે. મુસ્લિમ મહિલાઓ પણ ૨૧મી સદીમાં સૌ સમાજ સાથે કદમથી કદમ મિલાવે તેવા પ્રયાસ શ્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે.

દર વર્ષે લગભગ ૭૦૦ કરોડ જેવી માતબર રકમ હજ સબસિડી તરીકે વાપરવામાં આવે છે. આ નાણાંનો ઉપયોગ હવે યુવતીઓના શિક્ષણ અને સશક્તીકરણ માટે વપરાશે. મહિલાઓના સર્વાંગી વિકાસ માટે આ જંગી રકમનો ઉપયોગ કરવામાં આવશે. આમ ભાજપા સરકાર તુષ્ટીકરણની રાજનીતિ નહીં પણ સર્વ સમાજ માટે સર્વાંગી વિકાસની મૂલ્યનિષ્ઠ રાજનીતિ અપનાવી કાર્ય કરી રહી છે. સમાજના સૌ વર્ગે અને લોકોએ તેને આવકારી પણ છે.

•



## ૧૦ વર્ષના કેન્દ્રમાં કોંગ્રેસ શાસન સમયે નર્મદા યોજનાને ખોરંભે ચઢાવી ત્યારે શ્રી એહમદ પટેલે નર્મદા માટે પત્રો કેમ ન લખ્યા ? ત્યારે ગુજરાતહિત અને ખેડૂતહિત કેમ યાદ ન આવ્યું ?

## વિધાનસભામાં ફી નિયમન કાયદો ભાજપા સરકારે પસાર કર્યો ત્યારે કોંગ્રેસે તેનું સમર્થન કેમ ન કર્યું ? અને ગૃહમાં હાજર કેમ ન રહ્યા અને ગૃહનો બોયકોટ કેમ કર્યો હતો ?

**- ભરત પંડ્યા**

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડ્યાએ કોંગ્રેસના નેતાઓના પત્રોના રાજકારણને આડે હાથ લેતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ જ્યારે પોતે સત્તામાં હોય છે ત્યારે પ્રજાહિતનાં કામ કરતી નથી અને સત્તામાં નથી હોતી ત્યારે પત્રો લખીને તરકટો રચે છે. કોંગ્રેસ સત્તામાં હોય ત્યારે માત્ર ભ્રષ્ટાચાર કરે છે અને સત્તામાં ન હોય ત્યારે નાટ્યાત્મક અને નકારાત્મકતા સાથે જુઠ્ઠાણાં અને ઉશ્કેરાટ ફેલાવવાનો પ્રયાસ કરે છે.

તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસના શ્રી એહમદ પટેલે નર્મદા યોજના માટે કેન્દ્રમાં કોંગ્રેસ સરકારના સમયે પત્રો લખ્યા હોત તો સારું હતું, કેન્દ્રમાં ૧૦ વર્ષના શાસન સમયે નર્મદા યોજના આડે રોડાં નાખનાર કોંગ્રેસને તે સમયે ખેડૂતોની ચિંતા થતી ન હતી અને અત્યારે ખેડૂતો માટે મગરનાં આંસુ સારી રહ્યા છે. નર્મદા ડેમની ઊંચાઈ, ડેમના દરવાજા અને વિસ્થાપિતોને મુદ્દે હંમેશાં નર્મદાને રોકવાનું પાપ કરનાર કોંગ્રેસને નર્મદા કે ખેડૂતો માટે બોલવાનો લેશમાત્ર અધિકાર નથી.

શ્રી ભરતભાઈ પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ કેસ ન લડવા માટે શ્રી કપિલ સિબ્બલને વ્યક્તિગત પત્ર લખ્યો તે સારી વાત છે, પરંતુ કોંગ્રેસનું આ તરકટ સ્પષ્ટ દેખાય છે. આમ, એક બાજુ કોંગ્રેસ વિપક્ષ તરીકે ક્યારેય પણ પ્રજાકલ્યાણનાં સકારાત્મક કાર્યો, ગરીબ કલ્યાણની યોજનાઓ જે ભાજપા લાગુ કરે છે તેને સ્વીકારી શકતી નથી, વિરોધ પક્ષ તરીકે કોંગ્રેસ હંમેશા નકારાત્મક અને સમાજહિત વિરોધી ઉશ્કેરાટ ફેલાવવાનો પ્રયાસ કરે છે.

શ્રી ભરતભાઈ પંડ્યાએ કોંગ્રેસ માટે 'હોજ સે ગઈ વો બુંદ સે નહીં આતી' ઉક્તિ ઉચ્ચારીને આજે કોંગ્રેસને પાંચ પ્રશ્નોનો જવાબ આપવા જણાવ્યું હતું. કોંગ્રેસ જવાબ આપે -

૧. કોંગ્રેસ શા માટે ભાજપાના પ્રજાકલ્યાણ અને ગરીબલક્ષી નિર્ણયોનો વિરોધ કરે છે ?

૨. કોંગ્રેસના ૧૦ વર્ષના કેન્દ્ર શાસનમાં નર્મદા યોજના ખોરંભે ચડાવી હતી ત્યારે શ્રી એહમદ પટેલને પત્ર લખવાનું કેમ સૂઝ્યું નહીં ?

૩. કોંગ્રેસે નર્મદા ડેમની ઊંચાઈ, દરવાજા અને વિસ્થાપિતો મુદ્દે વારંવાર કેમ અડચણો ઊભી કરી અને ૧૦ વર્ષ સુધી ડેમના દરવાજાની મંજૂરી કેમ ન આપી ?

૪. વિધાનસભામાં ફી નિયમન કાયદો ભાજપા સરકારે પસાર કર્યો ત્યારે કોંગ્રેસે તેનું સમર્થન કેમ ન કર્યું ? અને ગૃહમાં હાજર કેમ ન રહ્યા અને ગૃહનો બૉયકોટ કેમ કર્યો હતો ?

૫. કોંગ્રેસ શાળા-સંચાલકો સામે ફી ઘટાડવા માટે પિટિશન કેમ નથી કરતી ?

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રધાનમંત્રી બન્યા પછી નર્મદા ડેમના દરવાજાની મંજૂરી દ્વારા ડેમના દરવાજાનું કામ પૂર્ણ થયેલ છે તે ગુજરાતની જનતા જાણે છે પરંતુ કોંગ્રેસને તે યાદ નથી લાગતું. ભાજપા સરકારે હંમેશા ખેડૂત હિતનાં પગલાંઓ અને નિર્ણયો લીધાં છે, ખાતર નિયમિત રીતે મળી રહે, વીજદરમાં ૨૦ વર્ષથી એક પણ પૈસો વધાર્યો નથી, ટપક સિંચાઈ પદ્ધતિ દ્વારા વધુમાં વધુ ખેતી થઈ શકે તે માટે સબસિડી આપવાની વાત હોય કે ખેતપેદાશો જેવી કે, મગફળી, કપાસ, દાળ વગેરેની ટેકાના ભાવે ખરીદી કરી છે અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની ભાજપા સરકાર હજુ પણ ખેડૂતોના હિતલક્ષી નિર્ણયો લેતી જ રહેશે. ભાજપા સરકાર વાલી-વિદ્યાર્થીઓના હિતમાં ફી ઘટાડાના મુદ્દે મક્કમ અને કટિબદ્ધ છે. કોંગ્રેસે ચૂંટણીઓ સમયે પ્રજાને ફી નિયમન મુદ્દે ગેરમાર્ગે દોરીને વોટબેંકની રાજનીતિ કરી હતી અને હવે જ્યારે નામદાર કોર્ટે ગુજરાત ભાજપા સરકારના નિર્ણયને સાચો ઠેરવ્યો છે ત્યારે હજુ પણ કોંગ્રેસ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરી રહી છે અને વાલીઓ સાથે દુરાગ્રહ રાખીને તેમને આર્થિક નુકસાન થાય તેવાં દુષ્કાર્યોને પ્રોત્સાહિત કરી રહી છે તે યોગ્ય નથી. કોંગ્રેસ પ્રજાહિતમાં હવે બેધારી નીતિ સાથે બે મોઢાંની વાત બંધ કરે તેમ શ્રી પંડ્યાએ અંતમાં જણાવ્યું હતું.

# રાજમાતા વિજયા રાજે સિંધિયા

**(૧૨ ઑક્ટોબર, ૧૯૧૯ - ૨૫ જાન્યુઆરી, ૨૦૦૧)**



રાજમાતા વિજયા રાજે સિંધિયાનો જન્મ ૧૨ ઑક્ટોબર, ૧૯૧૯માં સાગર, મધ્યપ્રદેશના રાણા પરિવારમાં થયો હતો. વિજયા રાજે સિંધિયાના પિતા શ્રી મહેન્દ્રસિંહ ઠાકુર જાલોન જિલ્લાના ડેપ્યુટી કલેક્ટર હતા. તેમની માતાનું નામ શ્રીમતી વિંદેશ્વરી દેવી હતું. વિજયા રાજે સિંધિયાનું લગ્ન પૂર્વેનું નામ લેખા દિવ્યેશ્વરી હતું. વિજયા રાજે સિંધિયાના પુત્ર માધવરાવ સિંધિયા, પુત્રીઓ વસુંધરા રાજે અને યશોધરા રાજે છે.

વિજયા રાજે સિંધિયાને ગ્વાલિયરના રાજમાતા તરીકે સન્માન અપાતું હતું. ભારતનાં મોટાં અને સંપન્ન રાજા-રજવાડાંઓમાંનું એક ગ્વાલિયર હતું. તે રાજ્યના મહારાજા સાથે તેમનાં લગ્ન થયાં હતાં. ૧૯૫૭માં વિજયા રાજે સિંધિયા કોંગ્રેસ પક્ષ તરફથી ચૂંટણી લડ્યાં અને વિજયી બન્યાં. તેમના પતિના મૃત્યુ બાદ સન ૧૯૬૨માં કોંગ્રેસની ટિકિટ પર તેઓ સંસદસભ્ય બન્યાં. પાંચ વર્ષ બાદ પોતાના સૈદ્ધાંતિક મૂલ્યોના કારણે કોંગ્રેસ છોડીને તેઓ જનસંઘમાં જોડાયાં. એક રાજપરિવારમાંથી આવતાં હોવા છતાં તેઓ ઈમાનદારી, સાદગી અને પ્રતિબદ્ધતાના કારણે પાર્ટીમાં લોકપ્રિય બની ગયાં. બહુ જ ટૂંકા ગાળામાં પાર્ટીમાં તેઓ શક્તિ-સ્તંભના રૂપે ઊભરી આવ્યાં.

રાજમાતા વિજયા રાજે સિંધિયા ભારતીય જનતા પાર્ટીના સંસ્થાપકોમાંનાં એક હતાં. રાજમાતાએ જનસંઘ અને ભાજપાના ઘણા વરિષ્ઠ નેતાઓ, જેવા કે અટલ બિહારી વાજપાઈ અને લાલકૃષ્ણ અડવાણી સાથે કામ કર્યું એટલું જ નહીં, મધ્યપ્રદેશની રાજીનીતિમાં પણ તેમનું મહત્ત્વનું યોગદાન છે. ૧૯૬૭માં મધ્યપ્રદેશમાં સરકાર રચવામાં તેમણે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. વિજયા રાજે સિંધિયાનું સાર્વજનિક જીવન પ્રભાવશાળી અને આકર્ષક હતું, જ્યારે વ્યક્તિગત જીવનમાં તેમને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો.

સન ૧૯૮૯ની સામાન્ય ચૂંટણીમાં વિજયા રાજે સિંધિયાએ ફરી એક વાર ભાજપાના ઉમેદવાર તરીકે જીત મેળવી. આ પહેલાં ૨૨ વર્ષ પૂર્વે સન ૧૯૬૭માં રાજમાતા ત્યાંથી જીત્યાં હતાં. ૧૯૯૧ની ચૂંટણીમાં વિજયા રાજે સિંધિયાએ ફરીથી કોંગ્રેસી ઉમેદવારને પરાજિત કર્યા.

### રાજમાતા સામાન્યજન જેવું જીવન જીવ્યાં

રાજમાતા સિંધિયા સિદ્ધાંતોને સમર્પિત, સાંસ્કૃતિક રાષ્ટ્રવાદથી ઓતપ્રોત વિદુષી જનનાયક હતાં. તેમણે મહેલોનો વૈભવ છોડીને જનતાના ન્યાય માટે સંઘર્ષનો માર્ગ સ્વીકાર્યો અને સડકો પર ઊતરી આવીને રાજમાતામાંથી લોકમાતા બની ગયાં.

**રાજમાતા જીવનભર સાદગીપૂર્ણ જીવન જીવ્યાં. સેવાની તેમનામાં ધગશ હતી. સાદગી અને સરળતા તેમનો સ્વભાવ હતો. રાજમાતા માનતાં હતાં કે પોતાનાઓનાં મૂળિયાં ઉખેડી નાખીને કોઈ પણ વ્યક્તિ બીજાઓમાં સન્માન-ચાહત મેળવી શકે નહીં.**

રાજમાતા સિંધિયા લાંબા સમય સુધી મહિલાઓ સાથે જોડાયેલાં રહ્યાં અને તેમને સદા પ્રેરણા આપતાં રહ્યાં. તેઓ હંમેશાં સેવા માટે સમર્પિત બન્યાં. પદ અને સત્તા તેમને કદી આકર્ષી શક્યાં નહીં. તેમણે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ માટે પોતાને ખુદને સમર્પિત કરી દીધાં હતાં.

રાજમાતા ત્યાગ અને સમર્પણની પ્રતિમૂર્તિ હતાં. રાજમાતા સિંધિયાએ લોકોનાં હૃદય પર વર્ષો સુધી રાજ્ય કર્યું. સત્તાનાં શિખરો પર આરૂઢ થયા પછી પણ તેમણે ક્યારેય જનસેવાથી મોઢું ફેરવ્યું નથી. રાજમાતાનું સ્વપ્ન હતું કે જ્યારે દેશમાં કમળ ખીલશે ત્યારે જ પોતે અંતિમ શ્વાસ લેશે. એ સ્વપ્ન પૂરું થયું અને તેમની હયાતીમાં શ્રી અટલ બિહારી વાજપાઈના નેતૃત્વમાં કેન્દ્રમાં સરકાર બની. સન ૧૯૯૮થી રાજમાતાની તબિયત બગડવા લાગી, અને ૨૫ જાન્યુઆરી, ૨૦૦૧માં રાજમાતા સિંધિયાનું નિધન થયું.

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં દેશભરમાં યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસવીરો



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.